Wednesday, 12 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક


# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૮૪ ● સંવત-૨૦૮૨ કારતક વદ આઠમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



ચિંતાથી વધુ શરીરને કોઈ તકલીફ આપી શકતું નથી, અને જેને ઈશ્વર પર થોડોઘણો પણ વિશ્વાસ છે તેને કોઈ પણ બાબતે ચિંતા કરવા પર શરમ આવી જોઈએ.
-મહાત્મા ગાંધીજી

## પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયાના નેતૃત્વમાં

# ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ આનંદ, ઉત્સાહ અને ઉમંગ સાથે દાનહ અને દમણ-દીવમાં મનાવવા પ્રદેશ ભાજપે શરૂ કરેલી કવાયત

## યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જેવી સારા વિચારોને પ્રેરિત કરવાવાળી લીડરશીપ દેશમાં જોઈએઃ પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. ભારતીબેન પવાર

## મોદી સરકારના આગમન બાદ પહેલી વખત અનુ.જનજાતિના ૮ સભ્યોને કેન્દ્ર સરકારમાં મંત્રી બનવા મળેલી તક











**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૧૧** સમગ્ર ભારતના આદિવાસી સમુદાયના ભગવાન ગણાતા ઝારખંડના સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દેશભરમાં ઉજવવામાં આવનાર છે. ભાજપ આ દિવસને 'આદિવાસી ગૌરવ દિવસ' તરીકે ઉજવે છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આગામી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ સમગ્ર દેશમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. જેના અનુસંધાનમાં કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં પણ આદિવાસી સમાજ સાથે પ્રદેશ ભાજપ દ્વારા ઉજવણી

- (વધુ પાના નં.૭ પર)

## મગરવાડા ગ્રા.પં.ના સરપંચ અને જિ.પં.સભ્યએ ટીમ સાથે પ્રદેશ ભાજપ અધ્યક્ષની લીધેલી શુભેચ્છા મુલાકાત



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દમણ, તા. ૧૧:** દમણ જિલ્લાની મગરવાડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વિજયી થયેલા ભાજપ સમર્થિત સરપંચના ઉમેદવાર શ્રી ભૂપેનભાઈ પટેલ અને જિલ્લાં પંચાયતના સભ્ય તરીકે ભાજપના પ્રતિક ઉપર ચૂંટાયેલા શ્રી શીતલભાઈ પટેલ તેમજ ગ્રામ પંચાયતના ચૂંટાયેલા તમામ સભ્યો દ્વારા આજે ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાની શુભેચ્છા મુલાકાત લઈ તેમનું માર્ગદર્શન લીધું હતું.





PERFORMANCE ENGINEERED FOR INDIA'S ROADS
THE TENNECO WAY

We are part of the Tenneco Group, a U.S. headquartered key global Tier-I automotive component supplier[1]. We manufacture highly engineered products—such as Clean Air Solutions, Powertrain Solutions and Advanced Ride Technologies for passenger, commercial and off-highway vehicles. And behind everything we do is *The Tenneco Way*.

**ROBUST R&D CAPABILITIES**
~5000 active patents and ~7500 active trademarks*

**MODULAR & STANDARDISED DESIGN**
Highest ROCE amongst peers^

**FOCUSED OPERATIONAL EFFICIENCIES**
Strong financial performance supported by growth and profitability

**CUSTOMER STICKINESS**
Long-standing Relationship (19.2 Years) with top 10 OEMS#

Clean Air Solutions | Powertrain Solutions | Advanced Ride Technologies

[1]Source: CRISIL Report | *Owned by Tenneco Group worldwide as of June 30, 2025 | ^We also maintained the highest ROCE and ROE among our peers in Fiscal 2025 | #Average length of relationships with our top 10 OEMs as of June 30, 2025

**Tenneco Clean Air India Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated November 05, 2025 with the RoC. The RHP is available on the website of the Company at www.tennecoindia.com, SEBI at www.sebi.gov.in, as well as on the websites of the BRLMs, i.e., JM Financial Limited, Citigroup Global Markets India Private Limited, Axis Capital Limited and HSBC Securities and Capital Markets (India) Private Limited at www.jmfl.com, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.axiscapital.co.in and www.business.hsbc.co.in, respectively and the websites of National Stock Exchange of India Limited and BSE Limited at www.nseindia.com and www.bseindia.com, respectively. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section titled "*Risk Factors*" on page 59 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision.

This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) in the United States only to "qualified institutional buyers", as defined in Rule 144A under the U.S. Securities Act, in transactions exempt from the registration requirements of the U.S. Securities Act and (ii) outside the United States in "offshore transactions" as defined in, and in reliance on Regulation S under the U.S. Securities Act and in accordance with the applicable laws of the jurisdictions where such offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

તમારાં જૂનાં બેંક ખાતામાં રાખેલાં નાણાં ભૂલી ગયાં છો?



જે તમારાં છે એ પાછાં મેળવવામાં આરબીઆઈ તમને સહાયતા કરશે.

તમારી બેંકના નિષ્ક્રિય ખાતાંમાં (2 વર્ષ કરતાં વધારે અને 10 વર્ષ સુધી નિષ્ક્રિય રહેલાં) રહેલાં નાણાં/ દાવો ના કરાયેલ ડિપોઝિટ (10 વર્ષથી અધિક) આરબીઆઈના ડીઇએ ખાતામાં ટ્રાન્સફર થાય છે. તમે અથવા તમારા કાયદાકીય વારસદાર ગમે ત્યારે દાવો કરી શકે છે.

તમારાં નાણાં માટે દાવો કરવાનાં 3 સરળ પગલાં

1. તમારી બેંકની કોઈપણ શાખાની મુલાકાત લો, એ ભલે તમારી નિયમિત શાખા ના હોય તો પણ
2. કેવાયસી દસ્તાવેજોની (આધાર, પાસપોર્ટ, વોટર આઈડી, અથવા ડ્રાઈવિંગ લાયસન્સ) સાથે ફોર્મ જમા કરો
3. ચકાસણી પછી, જો કોઈ હોય તો, તમારાં નાણાં વ્યાજ સહિત મેળવો.

તમારી દાવો ના કરાયેલ ડિપોઝિટ શોધવા

તમારી બેંકની વેબસાઈટ સર્ચ કરો અથવા આરબીઆઈનું UDGAM પોર્ટલ તપાસો (https://udgam.rbi.org.in) જેમાં હાલમાં 30 બેંક આવરી લેવામાં આવી છે.

ઑક્ટોબરથી ડિસેમ્બર 2025 દરમિયાન દેશભરમાં તમામ જિલ્લાઓમાં સંચાલિત દાવો ના કરેલી સંપત્તિ ખાસ શિબિરોની મુલાકાત લો




ક્યૂઆર કોડ સ્કેન કરો
વધુ વિગતો માટેઃ https://rbikehtahai.rbi.org.in મુલાકાત લો
પ્રતિસાદ માટે, rbikehtahai@rbi.org.in પર લખી મોકલો
અધિકૃત વૉટ્સએપ નંબર 99990 41935

જનહિતમાં જારીકર્તા
भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
www.rbi.org.in




## સુવિચાર - સદ્‌વિચાર

ધાર્યું પરિણામ મેળવવું હોય તો, પહેલા અણધાર્યુ કરવું પડે!

## કવિતા-ભજન-પદ-ગરબા

### આવ ને આવીને કંઈ રકઝક ન કર,

આવ ને આવીને કંઈ રકઝક ન કર,
સાવ ખાલી આંખને ભરચક ન કર.
સ્હેજ હડસેલીને અંદર આવજે,
બારણે પહોંચ્યા પછી ઠક ઠક ન કર.
શું વીતે છે એની સૌને છે ખબર,
આમ તું ઘડિયાળમાં ટકટક ન કર!
મીરાં, નરસૈયો, કબીર બોલી ચૂક્યાં,
તું વળી તારી રૂએ બકબક ન કર.
બે જણા અંધારું શોધે છે ફરી,
પથ્થરો ભેગા કરી ચકમક ન કર.

- અંકિત ત્રિવેદી

## આજની જોક

બકો : વહેલો ઉઠી પત્નીને ઈમ્પ્રેસ કરવા ચા બનાવવા બેઠો. દુધ ગરમ કરી ખાંડ નાંખી પછી ખબર પડી કે આ તો છાસ હતી બધુ સાફ કરી ચૂપચાપ પાછો સૂઈ ગયો

## કબીર વાણી

**મનખા જન્મ પાય કે, ભજીયો ન રઘુપતિ રાય;**
**તેલી કેરા બેલ જયું, ફિર ફિર ફેરા ખાય.**

**- અર્થાત-**

માણસનો જન્મ પામી, જો તું ઈશ્વરને નહિ ભજે, તો ઘાંચીનો બળદ પેઠે ચાલુ જન્મ-મરણના ફેરા તને ખાવા પડશે. અર્થાત ઘાંચીના બળદ, જેમ અંધારામાં ગોળ ગોળ ફરી ફરી, જ્યાંનો ત્યાંજ રહે છે તેમ માણસ, જ્યાં સુધી પરમેશ્વર તરફ દીલ લગાડી પોતાનું ખરૂં સાર્થક કરતો નથી, ત્યાં સુધી તેને અનેક વાર આ ખાકી દુનિયામાં આવી જન્મવા-મરવાનાં દુઃખો વેઠવાં પડે છે.

## આજનો દિન વિશેષ

### શ્રીધર મહાદેવ જોશી



૧૨ નવેમ્બર, ૧૯૦૪ ના રોજ જુન્નર, પુણેમાં જન્મેલા શ્રીધર મહાદેવ જોશીને ભારતમાં સમાજવાદી ચળવળના દિગ્ગજ નેતાઓમાં એક અગ્રણી વ્યક્તિ માનવામાં આવે છે. એક પ્રખ્યાત સામાજિક કાર્યકર, તેમણે પ્રજા સમાજવાદી પાર્ટી (PSP) અને સંયુક્તિ સમાજવાદી પાર્ટી (SSP) ના પ્રમુખ તરીકે સેવા આપી હતી અને જનતા પાર્ટીના સ્થાપક સભ્ય હતા.

જોશીએ શાળા અને કોલેજ બંને સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. પુણેની ન્યુ મોર્ડન ઈંગ્લિશ સ્કૂલમાં વિદ્યાર્થી તરીકે, તેમણે ફર્ગ્યુસન કોલેજમાં સ્પર્ધાઓમાં ઉત્તમ વક્તૃત્વ કૌશલ્ય દર્શાવ્યું હતું, અનેક ઈનામો જીત્યા હતા. તેમની સાહિત્યિક શ્રેષ્ઠતા તેમના નિયમિત લેખનમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થતી હતી. ગુજરાત ઉત્સવો અને તિલક ઉજવણીઓમાં ભાગ લીધા પછી તેમને રાજકારણમાં પ્રવેશવાની પ્રેરણા મળી હતી. કોલેજમાં અભ્યાસ કરતી વખતે, તેમણે ૧૯૨૪ માં ભારતીય સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો હતો. ૧૯૩૦ માં સવિનય કાનૂન ભંગ ચળવળમાં ભાગ લેવા બદલ જોશીને એક વર્ષ માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. તેમની મુક્તિ પછી, તેમને ''રોય ડે'' પર આપેલા ભાષણ માટે ફરીથી બે વર્ષ માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. આનાથી તેમને ભારતના લોકો તરફથી ઘણી પ્રશંસા મળી.

સમાજવાદી ચળવળમાં તેમના નોંધપાત્ર યોગદાનમાં ૧૯૩૪માં કોંગ્રેસ સમાજવાદી પક્ષની રચના, રાષ્ટ્રીય સેવા દળ અને જયપ્રકાશ નારાયણ દ્વારા શરૂ કરાયેલા ક્રાંતિકારી અભિયાનમાં તેમની ભૂમિકાનો સમાવેશ થાય છે. તેમની રાજકીય કારકિર્દીમાં, તેમણે મહારાષ્ટ્ર યુવા પરિષદ અને જનસંપર્ક સમિતિના સચિવ તરીકે સેવા આપી હતી. કોંગ્રેસ અધિવેશનની સફળતામાં તેમણે મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેઓ અખિલ ભારતીય કોંગ્રેસ સમાજવાદી પક્ષના સભ્ય હતા. તેમના અન્ય નોંધપાત્ર સામાજિક કાર્યમાં સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિના એકભાષી મરાઠી ભાષી રાજ્ય મહારાષ્ટ્રની રચના માટેના અભિયાનમાં તેમની ભાગીદારી, મજૂર સંગઠનોની સ્થાપના અને મહારાષ્ટ્રમાં દલિતોના હિત માટે તેમનું કાર્ય શામેલ છે. તેઓ ૧૯૫૭માં રાજ્ય વિધાનસભાના સભ્ય બન્યા અને ૧૯૬૭માં લોકસભામાં ચૂંટાયા. જોશીનું ૧૯૮૯માં અવસાન થયું.

## બ્યુટીટીપ્સ

### લગ્નના દિવસે એક્ટ્રેસિસ જેવો ગ્લો જોઈએ છે?

**સેલિબ્રિટી ન્યૂટ્રિશનિસ્ટ પાસેથી જાણો આ ખાસ ટિપ્સ**

લગ્નની સિઝનમાં બ્રાઇડ માટે ફેશનેબલ ક્લોથ્સ સિવાય એક સૌથી જરૂરી બાબત છે બ્રાઇટ સ્કિન. જો તમારાં પણ લગ્ન ટૂંક સમયમાં થવાના હોય તો તમે સ્કિન કેર માટે બ્યૂટી રૂટિનની શરૂઆત પણ ચોક્કસથી કરી જ દીધી હશે. સ્કિન માટે હેલ્ધી ડાયેટ અને ફ્રૂટ જ્યૂસ પણ એટલાં જ જરૂરી છે.

લગ્ન પહેલાં એક બ્યૂટી કેલેન્ડર ફૉલો કરવું જરૂરી છે. જેથી લગ્નના દિવસે તમારાં ચહેરા પર માત્ર મેકઅપથી નહીં પણ નેચરલ ગ્લો દેખાય. લગ્ન પહેલાં જ તમારાં બ્યૂટિશિયન પાસેથી આ રૂટિન વિશે માહિતી મેળવીને ટ્રીટમેન્ટ કરાવવાનું શરૂ કરી દો. આ સિવાય જો તમારે ચહેરા પર કરચલીઓ, પિગ્મેન્ટેશન, ખીલ જેવી સમસ્યાઓને જડમૂળથી દૂર કરવી હોય તો તમારે હેલ્ધી જ્યૂસ પીવા જોઈએ.

તમે બોલિવૂડ બ્રાઈડ્સને જોતા હશો તો નહીવત મેકઅપમાં પણ તેઓની સ્કિન લગ્નના દિવસે ગ્લોઈંગ અને હેલ્ધી લાગતી હોય છે. આની પાછળનું કારણ છે યોગ્ય ન્યૂટ્રિશન, સ્કિન પર પ્રોડક્ટ્સના ઉપયોગ સિવાય પણ જો તમે કેટલાંક ફ્રૂટ જ્યૂસ અને ડાયેટ પ્લાનની તૈયારી કરી લેશો તો આખા બોડીની સ્કિનમાં તેની અસર જોવા મળશે. ન્યૂટ્રિશનિસ્ટ્સ અનુસાર, તમારાં જ્યૂસ જેટલાં કલરફૂલ હશે તેટલાં જ વધારે એન્ટી-ઓક્સિડન્ટ્સનો ફાયદો મળશે. ચહેરા પર આપમેળે જ ગ્લો માટે અહીં સેલિબ્રિટી ન્યૂટ્રિશનિસ્ટ ડો.અંજલિ મુખરજીએ બ્રાઈટ અને હેલ્ધી સ્કિન માટે કેટલાંક ફ્રૂટ જ્યૂસ વિશે જણાવ્યું છે જેને તમે ડાયેટમાં સામેલ કરી શકો છો.

### ભારત અને ભૂટાનના અધિકારીઓનું નિવેદન

# પીએમ મોદી ભૂટાનની બે દિવસીય રાજકીય યાત્રાએ

## તેઓ ભૂટાનના ચોથા રાજાના જન્મદિવસ સમારોહમાં સામેલ થશે અને ગ્લોબલ પીસ પ્રેયર ફેસ્ટિવલમાં ભાગ લેશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી,તા.૧૧**

પીએમ મોદી ૧૧ અને ૧૨ નવેમ્બરના રોજ ભૂટાનની બે દિવસીય રાજકીય યાત્રાએ છે. આ હિમાલયી દેશ ભૂટાનની તેમની ૨૦૧૪ પછીની ચોથી મુલાકાત હશે. તેમની આ મુલાકાત દરમિયાન, તેઓ ભૂટાન સરકાર દ્વારા આયોજિત 'ગ્લોબલ પીસ પ્રેયર ફેસ્ટિવલ'માં ભાગ લેશે, જે વિશ્વ શાંતિ અને માનવતાના ઉત્થાનના ઉદ્દેશ્યથી આયોજિત કરાઈ રહ્યો છે.

બંને દેશો વચ્ચેના ખાસ દોસ્તી અને સહયોગના સંબંધોને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે, જે દ્વિપક્ષીય ઉચ્ચ-સ્તરીય નિયમિત વાટાઘાટોની પરંપરાને અનુરૂપ છે. આ મુલાકાત દરમિયાન, પીએમ મોદી ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક સાથે પણ મુલાકાત કરશે.

પીએમ મોદી આ પ્રવાસ દરમિયાન ભૂટાનના વડાપ્રધાન ત્સેરિંગ ટોબગે સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. આ બેઠકમાં ઊર્જા, વેપાર, સુરક્ષા અને સાંસ્કૃતિક સહયોગ જેવા ક્ષેત્રોને વધુ મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવશે.

આ મુલાકાત દરમિયાન, બંને નેતાઓ મળીને ૧૦૨૦ મેગાવોટની પુનાત્સાંગછે જળવિદ્યુત પરિયોજનાનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ ભારત-ભૂટાન ઊર્જા સહયોગની એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે અને બંને દેશોના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

વડાપ્રધાનની આ મુલાકાત એવા સમયે છે જ્યારે ભારતમાંથી લાવવામાં આવેલા ભગવાન બુદ્ધના પવિત્ર પીપરહવા અવશેષોને ભૂટાનમાં લોકોના દર્શનાર્થે રાખવામાં આવ્યા છે. ત્યારે પીએમ મોદી થિમ્ફુના તાશીછોજોંગ મઠમાં જઈને આ પવિત્ર અવશેષોના દર્શન કરશે અને પૂજા કરશે. આ સાથે, તેઓ ભૂટાનની રૉયલ સરકારે આયોજિત કરેલા વિશ્વ



શાંતિ પ્રાર્થના સમારોહ (ગ્લોબલ પીસ પ્રેયર ફેસ્ટિવલ)માં પણ ભાગ લેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે, ૧૧ નવેમ્બરના રોજ ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક સાથે મુલાકાત કરશે અને આજે જ તેઓ હાઈડ્રો પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ તેઓ ભૂટાનના ચોથા રાજાના જન્મદિવસ સમારોહમાં સામેલ થશે અને ગ્લોબલ પીસ પ્રેયર ફેસ્ટિવલમાં ભાગ લેશે.

યાત્રાના બીજા દિવસે એટલે કે ૧૨ નવેમ્બરના રોજ પીએમ મોદી ભૂટાનના વડાપ્રધાન ત્સેરિંગ ટોબગે સાથે મુલાકાત કરશે. આ દરમિયાન, બંને નેતાઓ ઊર્જા, રેલ, સડક કનેક્ટિવિટી અને વિકાસ પરિયોજનાઓ પર ચર્ચા કરશે. આ ઉપરાંત, ભૂટાનની ૧૩મી પંચવર્ષીય યોજનામાં સહયોગ આપવા અંગે પણ બંને દેશો વચ્ચે વાતચીત થશે.

ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, પીએમ મોદીનો આ પ્રવાસ બંને દેશો વચ્ચેની અનુકરણીય ભાગીદારીને નવી દિશા આપશે. તેમના મતે, ભારત અને ભૂટાનના સંબંધો વિશ્વાસ, સદ્ભાવના અને પરસ્પર સન્માન પર આધારિત છે અને સમયની સાથે તે વધુ મજબૂત બની રહ્યા છે.

ભૂટાનમાં ભારતના રાજદૂત સંદીપ આર્યએ આ પ્રવાસને ખૂબ ખાસ ગણાવ્યો છે. તેમણે નોંધ્યું કે આ યાત્રા 'ગ્લોબલ પીસ પ્રેયર ફેસ્ટિવલ' અને ભૂટાનના ચોથા રાજાની ૭૦મી જન્મજયંતિ – એમ બે મહત્ત્વપૂર્ણ અવસરો સાથે સુસંગત છે.

તેમણે ભારપૂર્વક કહ્યું કે, 'ભૂટાનમાં વિશ્વ શાંતિ માટે આટલું મોટું આયોજન પ્રથમ વખત થઈ રહ્યું છે અને પીએમ મોદીની હાજરી તેને વિશેષ બનાવે છે.'

ભૂટાનના મંત્રી, લ્યોનપો જેમ શેરિંગ, એ પુષ્ટિ કરી કે ભારત અને ભૂટાનના સંબંધો આદર અને સમજણ પર ટકેલા છે. તેમણે જણાવ્યું કે, દુનિયા જ્યારે યુદ્ધો અને સંઘર્ષોનો સામનો કરી રહી છે, ત્યારે પીએમ મોદીનું શાંતિ પ્રાર્થના સમારોહમાં સામેલ થવું તેમના માટે ગર્વ અને પ્રેરણાની ક્ષણ છે.

હિમાલયમાં આવેલો દેશ ભૂટાન ભારત માટે વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જોકે આ એક નાનો દેશ છે, જ્યાં માત્ર ૭.૫ લાખ જેટલા લોકો રહે છે, પરંતુ તે ભારત અને ચીનની વચ્ચે આવેલો હોવાથી, તે બફર ઝોન તરીકે કામ કરે છે. ભૂટાનમાં જો ચીનનો પ્રભાવ વધે, તો ભારતના ચીકન નેક (સિલિગુડી કોરિડોર) પર જોખમ આવી શકે છે. આ સંજોગોમાં ભારત ભૂટાનને સુરક્ષા કવચની જેમ માને છે.

વર્ષ ૨૦૧૭માં ચીને ભૂટાનના ડોકલામ વિસ્તારમાં સડક બનાવવાનો પ્રયાસ કર્યો હતો, જેને ભારતે પોતાની સેનાઓ દ્વારા અટકાવી દીધો હતો. એટલું જ નહીં, ભૂટાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતની કાયમી સીટનું પણ સમર્થન કરે છે.



રાજ્યપાલશ્રીએ ખેતર પર જઈને સ્વયં હળ ચલાવ્યું અને જમીનની ઉપજાઉ શક્તિ વધારવાના સ્વાનુભવી ઉપાયો ખેડૂતોને જણાવ્યા હતા.

### લાખો મુસાફરોને મળશે મોટી રાહત

# સૌરાષ્ટ્રના ચાર જિલ્લામાં ૧૪મીથી બે ટ્રેનનો પ્રારંભ



**રાજકોટ-પોરબંદર-રાજકોટ વાયા જેતલસર જંક્શન રેલવે રૂટની એમ બે ટ્રેનો મંજૂર થઈ છે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૧૧**

તાજેતરમાં કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાના પ્રયાસથી બે મહિના પૂર્વે બે વિમાની સેવા શરૂ થઈ હતી. હવે બે ટ્રેનનો પ્રારંભ સૌરાષ્ટ્રના વિસ્તારમાં થઈ રહ્યો છે. જે અંતર્ગત ભારતીય રેલવે દ્વારા પોરબંદર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ અને જામનગરમાં રેલવે સુવિધાઓના વિસ્તરણ અને સુધારણાનો પ્રયાસ સાકાર થઈ રહ્યો છે. જે મુજબ ગત ઓગસ્ટમાં બે પેસેન્જર ટ્રેનની જાહેરાત કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને પોરબંદર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દ્વારા કરવામાં આવી હતી. હવે કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયાના પ્રયાસ થકી હવે રેલવેના નવા રૂટની શરૂઆત થઈ રહી છે. જે મુજબ આગામી ૧૪મી નવેમ્બરથી એક સાથે આ બે પેસેન્જર ટ્રેનનો પ્રારંભ થશે. આ ટ્રેન એક સાથે ચાર જિલ્લાના યતાયાતની સુવિધા સૌરાષ્ટ્રના લાખો મુસાફરોને મોટી રાહત મળશે. મહત્વનું છે કે, રાજકોટ-પોરબંદર-રાજકોટ વાયા જેતલસર જંક્શન રેલવે રૂટની એમ બે ટ્રેનો મંજૂર થઈ છે. જેમાંથી એક ટ્રેન ડેઈલી ચાલશે જ્યારે અન્ય એક ટ્રેન અઠવાડિયામાં પાંચ દિવસ આ રૂટ પર દોડશે. જેનો પ્રારંભ ૧૪મીએ થશે અને આ ટ્રેનને લીલી ઝંડી આપી કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા આપશે તેમજ રાજ્ય કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તેમજ સાંસદ સભ્ય પરસોત્તમભાઈ રૂપાલા, રાજ્યસભાના સભ્ય રામભાઈ મોકરિયા સહિત વિવિધ વિસ્તારના ધારાસભ્ય સહિતના અગ્રણીઓ નવા રૂટની ટ્રેનમાં મુસાફરી પણ કરશે.

આ રૂટ ટ્રેન થકી સૌરાષ્ટ્રમાં રેલ સેવામાં વધારો એટલે આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવાનો અને આ વિસ્તારમાં કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવાનો છે. રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ઉભી થનાર આ સુવિધાથી આ વિસ્તારનાં લોકોનું જીવન આસાન થશે સાથે જ વ્યાપાર, વાણિજ્ય અને પ્રવાસનને પણ ખૂબ મોટી ગતિ મળશે. લોકો માટે આગમન સુગમ અને સુવિધાયુક્ત બનશે તથા વિકસિત ભારતની સાથે જ વિકસિત રાજકોટ, વિકસિત પોરબંદર, વિકસિત દ્વારકા અને વિકસિત જામનગરનું સ્વપ્ન સાકાર થશે. જ્યારે દશકોથી જે સુવિધાની માંગણી પડતર હતી તેનો લાભ હવે સ્થાનિક નાગરિકોને મળશે.

# કલોલ આંબેડર બ્રિજ પાસે ખાણ-ખનીજની ટીમ પર હુમલો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૧૧**

ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે ખનીજ ચોરી કરતા માફિયાઓ હવે બેફામ બન્યા હોય તેવું લાગી રહ્યું છે. કાયદેસરની કાર્યવાહી કરવા ગયેલી ખાણ ખનીજ વિભાગની ટીમ પર હુમલો કરવાની ગંભીર ઘટના સામે આવી છે. આ બનાવ કલોલ આંબેડર બ્રિજ નજીક બન્યો હતો. ટીમ દ્વારા છત્રાલ પાસે ચાલી રહેલી ગેરકાયદે ખનીજ ચોરીની કાર્યવાહી દરમિયાન એક ડમ્પર પકડવામાં આવ્યું હતું. જ્યારે અધિકારીઓ આ જપ્ત કરેલા ડમ્પરને કલેક્ટર કચેરી તરફ લઈ જઈ રહ્યા હતા, તે દરમિયાન અચાનક ૩ (ત્રણ) જેટલા અજાણ્યા વ્યક્તિઓ બાઈક પર ધસી આવ્યા હતા અને તેમણે અધિકારીઓની ટીમ પર હુમલો કર્યો હતો.

હુમલો કરનારા આ ત્રણેય વ્યક્તિઓનો ઈરાદો સ્પષ્ટ હતો: ગેરકાયદે ખનીજ ચોરીમાં પકડાયેલા ડમ્પરને બળજબરીથી છોડાવી જવું.

હુમલાખોરોએ સરકારી કર્મચારીઓને આંતરીને તેમની સાથે ઝપાઝપી કરી હતી અને અધિકારીઓને ડરાવી-ધમકાવીને તેમની પાસેથી ડમ્પરનો કબજો છોડાવી દીધો હતો. દિવસના અજવાળામાં અને સરકારી ટીમ પર થયેલો આ સરેઆમ હુમલો કાયદાના શાસન સામે ખુલ્લો પડકાર સમાન છે. આ ઘટના દર્શાવે છે કે ગેરકાયદે ખનીજ ચોરીનું રેકેટ ચલાવનારા તત્ત્વો કેટલા હિંમતવાન અને નિર્ભય બની ગયા છે. આ હુમલામાં અધિકારીઓને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું પણ જાણવા મળ્યું છે.

ખાણ ખનીજની ટીમ પર થયેલા આ ગંભીર હુમલા બાદ અધિકારીઓએ તાત્કાલિક ધોરણે ઉચ્ચ અધિકારીઓને અને પોલીસને જાણ કરી હતી. આ હુમલા અને સરકારી મિલકતની બળજબરીથી છોડાવવાની ઘટના અંગે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે હવે હુમલાખોરોને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ સમગ્ર બનાવથી સરકારી કામગીરીમાં અવરોધ ઊભો થયો છે, તેથી કાયદાનું પાલન કરાવતી એજન્સીઓ પર હુમલો કરનારા ખનીજ માફિયાઓ સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે તેવી લોકોમાં માંગ ઊઠી છે

# યુવા વયના લોકોમાં ડાયાબિટીક રેટિનોપથીના ચિંતાજનક હદે વધી રહેલા કેસો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૧૧**

ભારતની નોકરી-ધંધો કરતી યુવા વસ્તી ધીમે ધીમે ડાયાબિટીક રેટિનોપેથી (DR) નામની આરોગ્યને લગતી અણધારી સ્થિતિનો ભોગ બની રહી છે. શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે, DRની સમસ્યાફક્ત વૃદ્ધોને નડતી હશે, પરંતુ હવે ૨૦ અને ૩૦ની આસપાસની ઉંમર ધરાવતા યુવાનોમાં DRના કિસ્સાઓ ઝડપથી વધી રહ્યા છે. ICMR-INDEYE નાઅભ્યાસ (૨૦૨૫) મુજબ, આઠમાંથી એક (૧૨.૫ ટકા લોકો) ડાયાબિટીસ ધરાવતા ભારતીયોને કોઈને કોઈ તબક્કામાં ડાયાબિટીક રેટિનોપેથી હોય છે અને તેમાંથી લગભગ ૪ ટકાને દૃષ્ટિ જોખમાય તેવું નુકસાન થાય છે. દેશમાં ૧૦૦ મિલિયનથી વધુ



પુખ્ત વયના ડાયાબિટીસના દર્દીઓ હોવાને કારણે જાહેર સ્વાસ્થ્ય માટે ભયાનક પરિસ્થિતિ ઊભી થઈ છે.

સુરતની ડો. સચદેવ મેક્સીવિઝન આઈ હોસ્પિટલ્સના સિનિયર કેટરેક્ટ અને રિફ્રેક્ટિવ સર્જન ડો. આર. કે. સચદેવના જણાવ્યા મુજબ અમે ડાયાબિટીક રેટિનોપેથી ધરાવતા દર્દીઓની ઉંમરમાં થઈ રહેલો ફેરફાર જોઈ રહ્યા છીએ. એક દાયકા પહેલા ૪૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોમાં આવા કેસો જોવા મળે તે અસામાન્ય મનાતું હતું, પરંતુ આજે ૨૮ વર્ષની ઉંમરની વ્યક્તિઓમાં વહેલા તબક્કે રેટિનાને નુકસાન થતું જોવા મળી રહ્યું છે. આ બીમારી એટલી સાઈલેન્ટ છે કે ઘણા લોકો નોંધપાત્ર દૃષ્ટિ જતી રહે પછી જ આવે છે. આ ખૂબ જ ચિંતાજનક છે કારણ કે તે એવા યુવા પ્રોફેશનલ્સને અસર કરે છે જેઓ તેમની ઉત્પાદકતાના ટોચે હોય છે.

**ધીમી ગતિએ થઈ રહેલો વધારો**

શહેરી ભારતીયોમાં ડાયાબિટીક રેટિનોપેથી (DR) વધુ જોવા મળે છે, જેનો વ્યાપ દર લગભગ ૧૭-૧૮ ટકા છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તેનું પ્રમાણ ૧૪ ટકા છે. અડધાથી વધુ પુરુષોને સ્ત્રીઓ કરતાં આ બીમારી થવાની સંભાવના થોડી વધારે છે. ચેન્નાઈ અને હૈદરાબાદ જેવા શહેરોમાં સૌથી વધુ કેસ જોવાયા છે. ખૂબ જ ચિંતાની વાત છે કે દસમાંથી ભાગ્યે જ એક દર્દી નિદાન પહેલાં તેમની ડાયાબિટીક રેટિનોપેથી વિશે જાણતો હોય છે અને ડોક્ટરોની સ્પષ્ટ તપાસની ભલામણ કરવા છતાં માત્ર ૨૦ ટકા દર્દીઓ દર વર્ષે તેમના રેટિનાની તપાસ કરાવે છે.

**જાગૃતતામાં રહેલું અંતર**

ભારતમાં ડાયાબિટીસ ધરાવતા લગભગ ૧૦માંથી ૯ લોકોએ ક્યારેય રેટિનાની તપાસ કરાવી નથી. તેમાંથી ઘણા લોકો માને છે કે આંખોની સમસ્યાઓ ફક્ત ત્યારે જ થઈ કહેવાય જ્યારે દૃષ્ટિ ઝાંખી થઈ જાય. જોકે, ડાયાબિટીક રેટિનોપેથી ધીરે ધીરે થાય છે. તે કામ કરતા લોકોમાં દૃષ્ટિ ગુમાવવાનું સૌથી સામાન્ય કારણ છે અને તેથી જ વહેલી તપાસ ખૂબ જ મહત્વની છે.

**સારવાર અને ભાવિ રૂપરેખા**

લેસર થેરાપી, ઈન્જેક્શન અને સર્જરી જેવા આધુનિક ઉપચાર દ્રષ્ટિ જાળવી રાખવામાં મદદ કરી શકે છે. જોકે, ૫૦ ટકા દર્દીઓ હજુ પણ પાછલા તબક્કામાં નિદાન થવાને કારણે તેમની દૃષ્ટિમાં આંશિક સુધારો જ મેળવી શકે છે. ડોક્ટરોના મતે સારવારથી નિવારણ પર ભાર મૂકવો જોઈએ.

ડાયાબિટીસની વહેલી શરૂઆત થવી, ખરાબ આહાર, લાંબો સમય સુધી કામ કરવાના લીધે અને વધુ પડતો સ્ક્રીન ટાઈમ જેવા કારણોથી યુવાનોમાં ડાયાબિટીક રેટિનોપેથીનું પ્રમાણ વધી રહ્યું છે. દેશભરમાં રેટિના સ્ક્રીનિંગ પ્રોગ્રામ, ડાયાબિટીસ ક્લિનિક્સમાં આંખની સંભાળનું ઈન્ટિગ્રેશન અને જાગૃતિ અભિયાન હાથ ધરાય તેની સખત જરૂર છે. ડાયાબિટીક રેટિનોપેથી એક શાંત રોગ હોઈ શકે છે પરંતુ સમયસર તપાસ કરવાથી એ સુનિશ્ચિત થઈ શકે છે તે ભારતની દૃષ્ટિ છીનવાઈ જતી અટકાવી શકાય છે.

વલસાડ અને સુરતની ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિટિકલ કેર મેડિસિન બ્રાંચ દ્વારા

# બેઝિક લાઈફ સપોર્ટ-CPR-કોમ્યુનિટી અવેરનેસ વર્કશોપ યોજાયો

**■ સામાન્ય જનતામાં હાર્ટ એટેક અથવા અચાનક હાર્ટ સ્ટોપ થવાના સમયે તાત્કાલિક કાર્ડિયો પલ્મોનરી રિસસિટેશન અંગે જાગૃતિ અને તાલીમ આપવામાં આવી ■ સુરતમાં તા.૧૪ થી ૧૬ નવેમ્બર સુધી ૧૧મી ગુજરાત સ્ટેટ ક્રિટિકલ કેર કોન્ફરન્સ યોજનાર હોય જે અંતર્ગત વર્કશોપ યોજાયો**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

૧૧મી ગુજરાત સ્ટેટ ક્રિટિકલ કેર કોન્ફરન્સ તા.૧૪, ૧૫ અને ૧૬ નવેમ્બર ૨૦૨૫ ના રોજ સુરત ખાતે યોજાઈ રહી છે. આ અવસરે સુરત અને વલસાડનાં ક્રિટિકલ કેર નિષ્ણાતો દ્વારા વિશેષ સામાજિક પહેલ કરવામાં આવી છે.

ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિટિકલ કેર મેડિસિન (ISCCM) - સુરત અને વલસાડ બ્રાંચ તથા વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)ની નેશનલ સર્વિસ સ્કીમ (NSS)ના સહયોગથી તા.૮ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ''CPR કોમ્યુનિટી અવેરનેસ વર્કશોપ''નું સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ સામાન્ય જનતામાં હાર્ટ એટેક અથવા અચાનક હાર્ટ સ્ટોપ થવાના સમયે તાત્કાલિક CPR (કાર્ડિયો પલ્મોનરી રિસસિટેશન) અંગે જાગૃતિ અને તાલીમ આપવાનો હતો, જેથી આપત્તિની ક્ષણે વધુ જીવ બચાવી શકાય. આ વર્કશોપ ૧૧માં ગુજરાત સ્ટેટ ક્રિટિકલ કેર કોન્ફરન્સ (તા.૧૪-૧૬ નવેમ્બર ૨૦૨૫) ના ઉપક્રમે યોજાઈ હતી.

સુરત અને વલસાડનાં અગ્રણી ICU અને ઈમર્જન્સી વિભાગના તબીબો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં કુલ ૫૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં VNSGU ના વિદ્યાર્થીઓ, તેમજ વાઈબ્રન્ટ નર્સિંગ કોલેજ, માલિબા નર્સિંગ કોલેજ, વરસાવી નર્સિંગ કોલેજ, ઉપરાંત SIMS, IDCC, Velocity, Sunshine Global, Vitrag અને Universal Hospitals ના નર્સિંગ સ્ટાફ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

VNSGU Biotechnology Deparent પરિસરમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. NSS વડા ડો. શ્રીધર નિમાવત, ISCCM સુરત અને વલસાડ ચેરપર્સન, ડો.અનુજ કલાર્ક અને વલસાડ લોટસ હોસ્પિટલના ડો.કલ્પેશ જોશી વગેરે હાજર રહ્યા હતા.

# ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના હસ્તે વનરાજ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપકના બે પુસ્તકનું વિમોચન કરાયું





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

ધરમપુર તાલુકાના ઓઝરપાડા ગામ ખાતે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના હસ્તે ધરમપુરની વનરાજ કોલેજના નિવૃત્ત પ્રાધ્યાપક વજીરભાઈ હરકણીયા દ્વારા લિખિત બે પુસ્તક (૧) ''મહામાનવોમાં ગાંધીબાપુ હું છું'' અને (૨) ''વેણુઉપનિષદ'' પુસ્તકનું વિમોચન કરાયુ હતું.

આ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું કે, પુસ્તકોનું જીવનમાં ખૂબ જ મહત્વ છે. આજે વિમોચન કરાયેલા આ બે પુસ્તકો વિશે વાત કરૂ તો, પ્રથમ પુસ્તક ગાંધી બાપુના જીવન પર આધારિત છે. જેમાં ગાંધી બાપુએ કરેલા નાના અને ગરીબ મજૂર વર્ગના લોકોના કલ્યાણ માટે કરેલા સંઘર્ષો વર્ણવ્યા છે. સત્ય અને


**''મહામાનવોમાં ગાંધીબાપુ હું છું'' પુસ્તકમાં સમાજ સેવા દ્વારા માનવમાંથી મહામાનવ બનવાની વાત રજૂ કરવામાં આવી**

અહિંસાની લડત આપી મજૂર વર્ગના ઉત્થાન માટે એમણે જે જુલમ સહન કર્યો, એમના હકો માટે લડત આપી અને આ લડત ધીરે ધીરે એમના માટે સામાજિક ઉદ્ધાર માટેની પ્રવૃતિ બની હતી. સામાજિક સેવા એમના માટે જીવનમંત્ર બની અને આગળ જતા એમની આ સેવા એમને માનવમાંથી મહામાનવ બનાવે છે. ગાંધીજીના આ ગુણોનો આ પુસ્તકમાં ઉલ્લેખ કરી આપણે પણ આ ગુણો અપનાવી સમાજના દબાયેલા-કચડાયેલા વર્ગને આગળ લાવીએ એ વાત આ પુસ્તકમાં રજૂ કરી છે. એમનું બીજુ પુસ્તક વર્તમાન સમયના યુવાનો માટે છે. એ પુસ્તક ખૂબ જ ઉપયોગી અને પ્રેરણારૂપ છે. કારણ કે, આજના યુવાનો ખોટા દુષણો અને વ્યસનોના રવાડે ચઢયા છે, એમને સાચી દિશાની રાહ ચીંધતુ આ પુસ્તકમાં સાચું શું છે ? અને ખોટું શું છે? એ તમામ વાતોને ગુરુ શિષ્યના વાર્તાલાપથી રસપ્રદ રીતે રજૂ કરી સમજાવવામાં આવી છે. આપણી આવનારી પેઢી માટે આ બંને પુસ્તકો ખૂબ ઉપયોગી બની રહેશે.

આ કાર્યક્રમના પ્રમુખ સ્થાનેથી લાઈબ્રેરિયન/લેખક કમલેશભાઈ બી. પટેલે જણાવ્યું કે, આ પુસ્તકો આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બનશે. પુસ્તકો માણસના જીવનમાં પરિવર્તન લાવવા માટે ખૂબ ઉપયોગી બને છે. ધરમપુરના પ્રાંત અધિકારી આર.સી.પટેલ અને વલસાડના પ્રાંત અધિકારી વિમલભાઈ પટેલે પુસ્તકનું મહત્વ જીવનમાં કેટલુ છે તેની મહત્તા સમજાવી હતી. પ્રા.કિરણભાઈ અને ડો.વર્ષાબેને પુસ્તકો જ આપણા સાચા મિત્રો છે એમ સમજાવ્યુ હતું.

કાર્યક્રમમાં ધરમપુર કોલેજના પ્રોફેસર ભાઈઓ બહેનો તેમજ સંચાલક મંડળના સભ્યોએ હાજરી આપી હતી. ગામના આગેવાનો શિક્ષકગણ, નગરસેવક જિજ્ઞેશભાઈ, એડવોકેટ વિનોદભાઈ, ડો.રિતેશભાઈ, રાજવી પરિવારના ધર્મુદાદા વગેરે મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ફાલ્ગુનીબેને કર્યુ હતુ. કાર્યક્રમનું સમાપન અને આભારવિધિ હસમુખભાઈએ ગાંધીજીના પ્રિય ભજન વૈષ્ણવજન...ગવડાવી કરી હતી.

# પાક નુકસાની માટે રૂ.૧૦ હજાર કરોડના ઐતિહાસિક રાહત પેકેજની વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ અને ખેડૂતોએ સરાહના કરી



**ખેડૂતોએ કરેલી મહેનત કમોસમી વરસાદમાં ધોવાઈ હતી તેનું ફળ આ પેકેજ દ્વારા મળશેઃ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ**



**ખેડૂતો પ્રત્યેની સંવેદનાને ઉજાગર કરતું આ રાહત પેકેજ ખરેખર ખેડૂતો માટે ખૂબ જ સહાયરૂપ બનશેઃ ખેડૂત ભગુભાઈ પટેલ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

કમોસમી વરસાદથી ધરતીપુત્રોને થયેલા પાક નુકસાની બદલ રાજ્ય સરકારે સંવેદના દાખવી તેઓની વ્હારે આવી રૂ.૧૦ હજાર કરોડના જાહેર કરેલા ઐતિહાસિક કૃષિ રાહત-સહાય પેકેજને ખેડૂતો, સહકારી આગેવાનો અને જિલ્લાના પ્રતિનિધિઓ તરફથી આવકાર મળી રહ્યો છે. જે અંતર્ગત વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલ અને ખેડૂત આગેવાનોએ પણ રાજ્ય સરકારના આ રાહત પેકેજને આવકાર્યુ છે.

વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલે જણાવ્યું કે, ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે ખેતરમાં ડાંગર સહિતના શાકભાજી અને કઠોળ પાકને પણ વ્યાપક નુકસાન પહોંચ્યુ હતું. જે અંગે રાજ્ય સરકારે તુરંત સર્વે કરાવી ખેડૂતોને આ દયનીય સ્થિતિમાં મદદરૂપ થવા માટે રૂ.૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કર્યુ છે. ખેડૂતોની વેદના સમજીને સંવેદનશીલ રાજ્ય સરકારે જાહેર કરેલા આ કૃષિ રાહત-સહાય પેકેજથી ખેડૂતો ફરી બેઠા થશે, ખેડૂતોએ જે મહેનત કરી હતી તેનું ફળ આ પેકેજ દ્વારા મળશે. આ રાહત પેકેજ સરકારનું ખેડૂતો પ્રત્યેનું હિત અને લાગણી સ્પષ્ટ કરે છે. હું ખેડૂતો વતી આ રાહત પેકેજને આવકારી રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરું છું.

વલસાડ તાલુકાના કોસમુકવા ગામના ખેડૂત ભગુભાઈ છનજીભાઈ પટેલે જણાવ્યું કે, મારા ખેતરમાં પાંચથી છ હેકટર જેટલી જમીનમાં ડાંગરનું વાવેતર કર્યુ હતું, જેથી આ વર્ષે સારી આવક થશે એવી આશા હતી પરંતુ કુદરતી આપદાથી ખેડૂતોનો ઉભો પાક ધોવાઈ ગયો હતો. જેથી મારા જેવા અનેક ખેડૂતો પારાવાર ચિંતા અને નુકસાનનો સામનો કરી રહ્યા છે, ત્યારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલ સરકારે રૂ.૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરીને તેમના ખેડૂતહિત વલણને સાર્થક કર્યું છે. આ રાહત-સહાય ખેડૂતો ચોક્કસથી ફરી બેઠા થશે અને આર્થિક રીતે સદ્ધરતા તરફ પુનઃ પ્રયાણ કરશે. ખેડૂતો પ્રત્યેની સંવેદનાને ઉજાગર કરતું આ રાહત પેકેજ ખરેખર ખેડૂતો માટે સહાયરૂપ બનશે.

ચીખલીમાં એલસીબી અને સ્થાનિક પોલીસ દ્વારા

# બે જુદા જુદા સ્થળેથી રૂા.૫.૩૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી ત્રણની ધરપકડ કરી




-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૧**

ચીખલીમાં એલસીબી અને સ્થાનિક પોલીસ દ્વારા બે અલગ અલગ સ્થળેથી ૫.૩૮ લાખ રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી ત્રણની ધરપકડ કરી અન્ય ચારને વોન્ટેડ જાહેર કરી આગળની વધુ તપાસ હાથ છે.

ગત સાંજે પીઆઇ શ્રી ડી.એસ.કોરાટની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફના શ્રી મહેન્દ્રભાઈ, શ્રી વિજયભાઈ, શ્રી યુવરાજસિંહ, શ્રી અલ્પેશભાઈ, શ્રી ગણપતભાઈ સહિતના સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલ બાતમીના આધારે વલસાડ-સુરત હાઈવે ઉપર બલવાડા ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવતા મારૂતિ સુઝુકી સ્વીફ્ટ કાર નં.જીજે-૧૫-સીએમ-૫૩૨૮ બાતમી વાળી કાર આવતા તેને રોકી તપાસ કરતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૧૦૨૦નો ૨,૫૫,૧૨૦/- રૂપિયાનો જથ્થો મળી આવતા કાર સાથે કુલ ૫,૬૦,૧૨૦/- રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી કમલેશ બાબુ હળપતિ (રહે.મોતીવાડા ઉદવાડા તા.પારડી જી.વલસાડ)ની ધરપકડ કરી જથ્થો ભરી આપનાર દમણનો હિતેશ અને મંગાવનાર ભાણા ઉર્ફે ચકો શુક્કર પટેલ (રહે. ઉંડાચ રાધવ ફળીયા તા. ચીખલી)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં એલસીબી પીઆઇ શ્રી એસ.વી.આહીર, હે.કો.શ્રી ગણેશ દીનુ, શ્રી બ્રિજેશભાઈ સહિતનો સ્ટાફ ચીખલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલ બાતમીના આધારે નેશનલ હાઈવેના સમરોલી ઓવરબ્રિજના છેડે નાકાબંધી કરી સ્વીફ્ટ કાર નં.ડીડી-૦૩-કે-૨૪૭૪ને અટકાવી તેમાંથી બિયર વ્હિસ્કીની બોટલ નંગ ૪૦૮નો ૨,૮૩,૮૧૬/- રૂપિયાના જથ્થા સાથે ૮,૧૮,૮૧૬/- રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી રૂદ્ર ઉપેન્દ્ર પટેલ (રહે. મોટી વાંકડ નાની દમણ) તથા વિવેક શૈલેષ પટેલ (રહે. કલસર ગામ આહીર ફળીયા તા.પારડી જી.વલસાડ) એમ બેની ધરપકડ કરી જથ્થો ભરી આપનાર નાની દમણ ખારીવાડનો પ્રતિક સોલંકી મંગાવનાર સુરત પલસાણાનો ભાવેશ ઉર્ફે લાલો એમ બેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ખેલ મહાકુંભમાં વાપીની ઉપાસના સ્કૂલ ઝળકી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫-૨૬માં તાલુકા કક્ષાની રમત સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલ, વાપી ખાતે યોજાઈ હતી. જેમાં તાલુકાની વિવિધ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં ઉપાસના સ્કૂલના વિદ્યાર્થીઓ રસ્સાખેંચ સ્પર્ધામાં U/17 વિભાગમાં પ્રથમ અને દ્વિતીય અને ભાઈઓના વિભાગમાં તૃતીય ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે અને વોલીબોલ રમતમાં U/14 ભાઈઓ દ્વિતીય અને તૃતીય. U/14 બહેનો વિભાગમાં તૃતીય અને U/17 બહેનો વિભાગમાં તૃતીય સ્થાન. U/17 ભાઈઓ વિભાગમાં દ્વિતીય અને ઓપન વિભાગમાં દ્વિતીય ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે.

વિજેતા થયેલા વિદ્યાર્થીઓને શ્રી નિલેશભાઈ પટેલ, કિરણ બારિયા, દર્શિકા વ્યાસ, શ્રી નરેશભાઈ રાઠોડે શાળાના આચાર્ય શ્રી હરિકેશ શર્માના માર્ગદર્શક હેઠળ તૈયાર કરાવી હતી. વિજેતા થનાર વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટીગણ, આચાર્યશ્રી, ઉપાચાર્યશ્રી, શૈક્ષણિક ગણ, બિન શૈક્ષણિકગણ, વાલીગણે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર ઉપાસના પરિવારમાં આનંદ ઉલ્લાસ છવાઈ ગયો છે.

# કપડવંજ નજીક પીકઅપ વાન પલટી જતાં ૨ શ્રમિકના મોત, ૧૫ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ખેડા, તા.૧૧**

ખેડા જિલ્લાના કપડવંજ નજીક આલમપુરા પાસે આજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મજૂરોને લઈ જતી એક પીકઅપ વાનના ડ્રાઈવરે અચાનક બ્રેક મારતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે પીકઅપ વાન રસ્તા પર પલટી ખાઈ ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં વાનમાં સવાર ૨ મજૂરોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યાં હતાં. આ ઉપરાંત, અન્ય ૧૫ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે કપડવંજની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. હજુ સુધી મૃતકોની ચોક્કસ ઓળખ થઈ શકી નથી, જે અંગે પોલીસ તપાસ કરી રહી છે. કપડવંજ પોલીસે આ મામલે ગુનો નોંધીને અકસ્માત કેવી રીતે થયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતથી પકડાયો ૭૫૪ કિલોનો શંકાસ્પદ પનીરનો જથ્થો



(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત, તા.૧૧**

સુરત મહાનગરમાં નકલી થી અને પનીરના ઉપરાછાપરી કિસ્સા નોંધાઈ રહ્યા છે. એક બાજુ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ખાદ્યપદાર્થોમાં ભેળસેળ મુદ્દે આકરી કાર્યવાહીનો સૂર આલાપ્યો હતો. વરાછા વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાનાણીએ ભેળસેળિયાઓ સામે કાર્યવાહીની માંગ કરી છે. બીજી બાજુ નકલી ઘી અને પનીરની બૂમ અકબંધ હોય એમ ખટોદરાની સુરભી ડેરીમાંથી ૭૫૪ કિલો શંકાસ્પદ પનીરનો જથ્થો પકડાયો છે. ૧.૮૧ લાખનો શંકાસ્પદ પનીરનો જથ્થો સીઝ કર્યા બાદ હવે સેમ્પલ રિપોર્ટ પર દારોમદાર રાખવામાં આવીરહ્યો છે

સુરતમાં ખટોદરા વાડી સોમાકાનજીની વાડી પાસે આઈ એનએસ હોસ્પિટલની પાછળ આવેલા સોરઠિયા કમ્પાઉન્ડમાં આવેલી સુરભી ડેરીમાં પાલિકાના ફૂડ ઈન્સ્પેક્શન વિભાગના ફૂડ સેફટી ઓફિસરો અને એસઓજીના સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ હાથ ધરાઈ હતી. આ સ્થળે પનીરનો શંકાસ્પદ જથ્થો હોવાનું જણાતા માલિક શૈલેષ છગનભાઈ પટેલ પાસેથી પનીરનો નમૂનો લઈ તપાસ માટે લેબોરેટરી મોકલી આપવામાં આવ્યો હતો. જેનો પૃથક્કરણ રિપોર્ટ આવ્યેથી ફૂડ સેફટી એક્ટ-૨૦૦૬ અને તેના નીતિ નિયમો અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરાશે.

આ દારોમદાર છે સ્થળેથી ૭૫૪ કિલો પનીરનો જથ્થો મળી આવ્યો હતો અને તેની અંદાજિત કિંમત ૧.૮૧ લાખ રૂપિયા છે. આ જથ્થો ફૂડ વિભાગ દ્વારા સીઝ કરવામાં આવ્યો છે. લેબોરેટરી ખાતે તપાસ અર્થે મોકલાયેલા સેમ્પલમાં કોઈ પ્રકારની ગરબડી કે ભેળસેળ જણાશે તો આકરી કાર્યવાહી કરવામાં આવશે. આમ, સુરતમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળની ફરિયાદો વચ્ચે મોટી માત્રામાં શંકાસ્પદ પનીર મળ્યું હોય આરોગ્ય વિભાગના અધિકારીઓ સતર્ક થઈ ગયા છે.

# સુરતઃ રત્નકલાકાર બન્યો ડ્રગ્સ પેડલર, ૫૦૦૦ના MD ડ્રગ્સ સાથે ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત, તા.૧૧**

હીરા ઉદ્યોગમાં મંદીની ગંભીર અસર માત્ર આર્થિક જ નહીં, પણ સામાજિક સ્તરે પણ જોવા મળી રહી છે. સુરતમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે, જેમાં હીરામાં મંદીના કારણે નોકરી ગુમાવનાર એક રત્નકલાકારે પૈસા કમાવવા માટે ડ્રગ્સ પેડલરનો રસ્તો અપનાવ્યો હતો. સુરતની કાપોદ્રા પોલીસે ચોક્કસ માહિતીના આધારે કાર્યવાહી કરીને આરોપી શૈલેષ વાલજીભાઈ સાકરીયાને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી આશરે ૫,૦૦૦ રૂપિયાની કિંમતનું MD (મેફેડ્રોન) ડ્રગ્સ જપ્ત કર્યું છે.

પોલીસ પૂછપરછમાં સામે આવ્યું કે આરોપી શૈલેષ સાકરીયા અગાઉ રત્નકલાકાર તરીકે કામ કરતો હતો.




પરંતુ, હીરા ઉદ્યોગમાં આવેલી ભારે મંદીના કારણે તેની નોકરી છૂટી ગઈ હતી. નોકરી છૂટ્યા બાદ તેને જુગાર રમવાની લત પણ લાગી હતી, જેના કારણે તે દેવામાં ડૂબી ગયો હતો. ટૂંકા ગાળામાં પૈસા કમાવવાના લોભમાં તે ડ્રગ્સના છૂટક વેચાણ તરફ વળ્યો હતો.

આરોપી MDડ્રગ્સનો આ જથ્થો છૂટક વેચાણ કરવાના ઈરાદે કીમ ચોકડી પરથી કાદીર સલીમ પઠાણ નામના ઈસમ પાસેથી લાવ્યો હતો, ત્યારે જ તે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. કાપોદ્રા પોલીસે આરોપી શૈલેષ સાકરીયા વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ હવે તેને ડ્રગ્સનો જથ્થો પૂરો પાડનાર મુખ્ય સપ્લાયર કાદીર સલીમ પઠાણને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા બેરોજગાર યુવાનોને ગેરકાયદે પ્રવૃત્તિઓથી દૂર રહેવા માટે ચેતવણીરૂપ છે.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# ભારતની દરેક ટ્રેનોમાં મુસાફરોના જાનમાલની સુરક્ષા માટે પ્રાથમિકતા સ્પષ્ટ હોવી જોઈએ

**ભા**રતમાં એકતરફ રેલવે માળખાંનું વિસ્તરણ અને આધુનિકીકરણ યુદ્ધની ગતિએ થઈ રહ્યું છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ મહત્ત્વના તબક્કે છે, પરંતુ સમયાંતરે થતા અકસ્માતો ભારતીય રેલવેની છબીને નુકસાન કરે છે. સાથે એવા સવાલ જગાવે છે કે, પ્રવાસીઓની સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવા છતાં એ મોરચે કચાશ કેમ રહી જાય છે ? ટેકનિકલ સિસ્ટમ, યંત્રણા લેટેસ્ટ ઢબના હોય તો પણ બે ટ્રેન સામસામે ટકરાઈ જાય કે, એક ટ્રેક પર અથડાય એ અસ્વીકાર્ય બાબત છે. દેશમાં ચાલુ વર્ષ દરમ્યાન આ લખાય છે ત્યાર સુધીમાં નાની મોટી ૧૦ જેટલી ટ્રેન દુર્ઘટના સર્જાઈ છે. છત્તીસગઢના બિલાસપુરનો બનાવ તાજો છે. બિલાસપુરની બીનામાં પ્રારંભિક તપાસ પરથી સિગ્નલમાં ખામી કે માનવીય ભૂલ જવાબદાર હોવાનો સંકેત મળ્યો છે, પરંતુ બ્લેકબોક્સ, સિગ્નલ લોગ, ડ્રાઈવરના ડ્યૂટી રેકોર્ડ, ટ્રેક સર્કિટ તેમજ કંટ્રોલરૂમની વિગતોની તાંત્રિક તપાસ બાદ રેલવે સુરક્ષા કમિશનરનો અહેવાલ સામે આવશે ત્યારે જ ખરાં કારણ કે અસલી જવાબદારી અંગે સાચી વાત બહાર આવી શકશે. નિષ્ણાતો કહે છે કે રેલવેમાં સિગ્નલિંગ ઈન્ટરલોકિંગની નિષ્ફળતા ટ્રેનને ખોટા ટ્રેક પર મોકલી શકે છે. સિગ્નલની સિસ્ટમમાં ખામીનો અર્થ છે કે, ટ્રેક સર્કિટ, ઈન્ટરલોકિંગ પ્રણાલીએ યોગ્ય રીતે કામ નથી કર્યું. આવી સ્થિતિમાં હાર્ડવેર સુધારવાની સાથોસાથ રિયલ ટાઈમ મોનિટરિંગ જેવી વ્યવસ્થાઓ અમલી થાય, તે સમયની માંગ છે. બીજી તરફ એવાં તથ્યો તરફ પણ ધ્યાન આપવું રહે કે, લોકોપાઈલટ થાકી જાય અથવા સંદેશાવ્યવહારમાં ઓછપ કે સમયસરના સંવેદનશીલ નિર્ણયોમાં વિલંબ થાય ત્યારે પણ ટ્રેક લોહીભીના થાય તેવી ઘટનાઓ થતી હોય છે. માનવમાત્ર ભૂલને પાત્ર કહેવાય છે, પરંતુ રેલવે, વિમાન કે બસોમાં પાઈલટ કે ડ્રાઈવર પર અનેક લોકોનાં જીવનનો આધાર હોય છે. તેમની ભૂલ અક્ષમ્ય જ છે. અકસ્માત થાય ત્યારે દોષી કર્મચારી સામે તપાસ થાય, ફરજમોકૂફ કરાય, બરખાસ્ત કરાય કે દંડાત્મક પગલાં લેવાય, પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે, આવી જીવલેણ દુર્ઘટનાઓના મોટા ભાગના તપાસ અહેવાલો વરસો સુધી ફાઈલોમાં કેદ પડી રહેતા હોય છે. રેલવે સુરક્ષા અધિકારીની ભલામણ પર કાર્યવાહીનું પ્રમાણ ખૂબ ઓછું છે. મોટી સંખ્યામાં દુર્ઘટનાઓમાં માનવીય ભૂલ મુખ્ય કારણ હોવા છતાં જવાબદારી નક્કી કરવાની પ્રક્રિયા બેહદ ધીમી અથવા અપારદર્શક હોય છે. દરેક મોટી દુર્ઘટના બાદ ઉચ્ચસ્તરીય સમિતિએ રાબેતા મુજબ રચાય છે. નવા એલાનો થાય છે, પરંતુ જમીની સ્તર પર બદલાવ, સુધારની ગતિ ઘણી ધીમી છે.

અહીં ઉલ્લેખ પણ પ્રસ્તુત બની રહે તેવો છે કે, રેલવે મંત્રાલયે વર્ષો પહેલાં એન્ટિ કોલિઝન ડિવાઈસ એટલે કે, ટ્રેનોની ટક્કરને ટાળવા માટેનું ઉપકરણ 'કવચ' લગાવવાની યોજના ઘડી હતી. અત્યાર સુધી થોડાક હજાર કિ.મી.ના રૂટ અને મર્યાદિત સંખ્યામાં લોકોમોટિવ સુધી જ 'કવચ' સીમિત છે. બજેટની મર્યાદાઓ અને વિશાળ નેટવર્ક આ પહેલનો વ્યાપ વધારવામાં અવરોધો છે, પરંતુ જાનમાલની સુરક્ષા માટે પ્રાથમિકતા સ્પષ્ટ હોવી જોઈએ. દરેક ચાલતી ટ્રેનમાં 'કવચ' કે તેના જેવી અસરકારક સ્વયંસંચાલિત સુરક્ષા પ્રણાલી ફરજિયાત હોવી જોઈએ. અત્રે યાદ રહે કે, ભારતીય રેલ દુનિયામાં સૌથી મોટું પરિવહન નેટવર્ક છે. દરરોજ લાખો લોકો ટ્રેનના ભરોસે પ્રવાસ કરે છે એ રખે ભુલાતું. પરંતુ આ પ્રવાસીઓને રેલવે મુસાફરીમાં કેટલી સુવિધા મળે છે એ પણ તંત્રએ ખાસ જોવું જરૂરી છે. કારણ કે, મોટાભાગની ટ્રેનોમાં જનરલ(સેકન્ડ ક્લાસ), સામાન્ય રિઝર્વેશન(સ્લીપર) કરતા એ.સી. ડબ્બાઓની સંખ્યા વધુ જોવા મળે છે. આપણાં દેશમાં તમામ વર્ગના લોકો ટ્રેનમાં મુસાફરી કરતા હોય છે, જેમાં દરેકને એ.સી. ડબ્બામાં મુસાફરી કરવી પરવડી શેક એમ છે જ નહીં. તો પછી જનરલ અને સ્લીપર કોચ વધુ સંખ્યામાં રાખવાના બદલે એ.સી. ડબ્બાની જ સંખ્યા વધારે શા માટે રાખવી જરૂરી દેખાય છે..? એ.સી.ડબ્બાઓમાં માત્ર વધુ પૈસાવાળા જ મુસાફરી કરી શકતા હોય છે. જ્યારે સામાન્ય નોકરિયાત, કામદાર લોકો માટે સામાન્ય રિઝર્વેશન (સ્લીપર) અને જનરલ(દ્વિતીય શ્રેણી)માં જ મુસાફરી કરવી પરવડતી હોય છે તેથી રેલવે તંત્ર દ્વારા સ્લીપર(શયનયાન) કોચ ધરાવતી દરેક ટ્રેનોમાં દ્વિતીય શ્રેણી અને સ્લીપર કોચની જ સંખ્યા વધુ રાખવામાં આવે એ જરૂરી છે.


# ૧૨ નવેમ્બર, 'બર્ડમેન ઓફ ઈન્ડિયા' તરીકે જાણીતા સલીમ અલીનો જન્મદિવસ

## સલીમ અલીએ પોતાનું લગભગ આખું જીવન પક્ષીઓની શોધ અને અભ્યાસ માટે સમર્પિત કર્યું

**સ**લીમ અલી (૧૨ નવેમ્બર ૧૮૯૬- ૨૦જૂન ૧૯૮૭) એ ભારતીય પક્ષીવિદ અને પ્રકૃતિવિદ્ હતા. તેઓ 'બર્ડમેન ઓફ ઈન્ડિયા' તરીકે જાણીતા છે. તેમણે પક્ષીઓ વિષે સંખ્યાબંધ પુસ્તકો પણ લખ્યા છે. હાલ સાઈલેન્ટ વેલી નેશનલ પાર્ક તરીકે



જાણીતા ઉદ્યાનનું નિકંદન અટકાવવામાં સલીમ અલીનો સિંહ ફાળો છે. સીડની ડીલ્લોન રીપ્લેની સાથે મળીને તેમણે 'હેન્ડબુક ઓફ ધ બર્ડ્સ ઓફ ઈન્ડિયા એન્ડ પાકિસ્તાન'ના દસ ભાગ તૈયાર કર્યા. જેની બીજી આવૃત્તિ તેમના મૃત્યુ બાદ પ્રકાશિત કરવામાં આવી. ૧૯૫૮માં પદ્મભૂષણ અને ૧૯૭૬માં પદ્મવિભૂષણ એમ ભારતનાં અનુક્રમે ત્રીજા અને બીજા સૌથી ઉચ્ચ નાગરિક સન્માન તેમણે મેળવ્યાં. પક્ષીઓની કેટલીક જાતિઓ, કેટલાંક પક્ષી અભયારણ્યો અને સંસ્થાઓને તેમનું નામ અપાયું છે. સાલીમ અલી એ મૂળ ખંભાતના સૂલેમાની વોહરા હતા. તેમનો જન્મ મુંબઈ ખાતે થયો હતો. ૧૮૫૭થી તેમનો પરિવાર મુંબઈ ખાતે સ્થાયી થયો હતો. મામા અમીરુદ્દીન કે જેઓ 'બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી'નાં સભ્ય હતા, એમની જિજ્ઞાસા સંતોષવા અલીને 'બોમ્બે



નેચરલ હિસ્ટ્રી સોસાયટી'નાં મંત્રી મિ. મિલાર્ડ પાસે લઈ ગયા. ત્યાં તેમણે પંખીઓનાં વિવિધ નમૂના અને પુસ્તકો જોયાં. મિલાર્ડે તેમણે કેટલાંક પક્ષી વિષયક પુસ્તકો પણ ભેટ આપ્યાં જેમાં 'ઈહા' દ્વારા લિખિત બોમ્બેનાં સામાન્ય પક્ષીઓનો (કોમન બર્ડ્સ ઓફ બોમ્બે) પણ સમાવેશ થતો હતો. તેમણે પક્ષીઓનું સર્વેક્ષણ અને દસ્તાવેજીકરણ કર્યું એટલું જ નહીં, તેઓ પક્ષીઓ અને તેમના રહેઠાણોનાં સંરક્ષણ વિશે પણ અવાજ ઉઠાવતા હતા. રાજસ્થાનમાં ભરતપુર પક્ષી અભયારણ્યની સ્થાપનામાં અને કેરળમાં સાયલન્ટ વેલી નેશનલ પાર્કના વિનાશને રોકવામાં તેમણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સલીમ અલીએ તેમનું લગભગ આખું જીવન પક્ષીઓની શોધ અને અભ્યાસ માટે સમર્પિત કર્યું. પરંતુ તેમના મૃત્યુ પછી લગભગ ત્રણ દાયકા પછી તેમના નામ પર એક નવી ભારતીય પક્ષી પ્રજાતિનું નામકરણ થયું. ૨૦૧૬માં, હિમાલયન વન થ્રશ જે સામાન્ય રીતે પર્વતમાળાનાં પૂર્વ ભાગમાં જોવા મળે છે, તેનું નામ ઝૂથેરા સલીમાલી રાખવામાં આવ્યું હતું. આ પક્ષી ૨૦૦૯માં મળી આવ્યું હતું.

- મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

# મનુષ્ય જન્મ ફક્ત પરમેશ્વરની પ્રાપ્તિના માટે જ મળ્યો છે




**સ્થિતપ્રજ્ઞ પુરૂષનાં લક્ષણો ભાગ-૬**


અયુક્ત(અસંયમી)પુરૂષની બુદ્ધિ એક નિશ્ચયવાળી શા માટે થતી નથી? તેનું કારણ બતાવતાં ભગવાન ગીતા(૨/૬૭)માં કહે છે કે..,

ઈન્દ્રિયાણાં હિ ચરતાં યન્મનોડનુવિધિયતે
તદસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમિવામ્ભસિ ॥૬૭॥

પોતપોતાના વિષયોમાં વિચરતી ઈન્દ્રિયોમાંથી એક જ ઈન્દ્રિય જે મનને પોતાનો અનુગામી બનાવી લે છે તે એકલું મન જળમાં નૌકાને વાયુ હરી લે છે તેમ એની બુદ્ધિને હરી લે છે.

મનુષ્યને આ જન્મ ફક્ત પરમેશ્વરની પ્રાપ્તિના માટે જ મળ્યો છે. આથી મારે તો ફક્ત પરમેશ્વરની પ્રાપ્તિ જ કરવી છે, ભલે ગમે તે થઈ જાય પણ પોતાનો ધ્યેય દ્રઢ હોવો જોઈએ. ધ્યેય દ્રઢ બનવાથી સાધકની અહંતામાંથી ભોગોનું મહત્ત્વ ચાલ્યું જાય છે. મહત્ત્વ ચાલ્યું જવાથી વ્યવસાયાત્મિકા બુદ્ધિ દ્રઢ બની જાય છે.

જ્યારે સાધક કાર્યક્ષેત્રમાં બધી જાતનો વ્યવહાર કરે છે ત્યારે ઈન્દ્રિયોની સામે પોતપોતાના વિષયો આવી જ જાય છે. તેઓમાંથી જે ઈન્દ્રિયનો પોતાના વિષયમાં રાગ થઈ જાય છે તે ઈન્દ્રિય મનને પોતાનું અનુગામી બનાવી લે છે, મનને પોતાની સાથે લઈ લે છે. આથી મન તે વિષયનો સુખભોગ લેવામાં લાગી જાય છે એટલે કે મનમાં સુખબુદ્ધિ અને ભોગબુદ્ધિ પેદા થઈ જાય છે, મનમાં તે વિષયનો રંગ જામી જાય છે, તેનું મહત્ત્વ જામી જાય છે. જેવી રીતે ભોજન કરતી વખતે કોઈ પદાર્થનો સ્વાદ આવે તો જીભ તેમાં આસક્ત થઈ જાય છે. આસક્ત થવાથી જીભ મનને ખેંચી લે છે તો મન એ સ્વાદમાં પ્રસન્ન થઈ જાય છે.




જ્યારે મનમાં વિષયનું મહત્ત્વ ઠસી જાય છે ત્યારે તે એકલું મન જ સાધકની બુદ્ધિને હરી લે છે. આ બુદ્ધિને કેવી રીતે હરી લેવામાં આવે છે તેને દ્રષ્ટાંતરૂપે સમજાવે છે કે પાણીમાં ચાલતી નૌકાને જેવી રીતે વાયુ હરી લે છે તેવી જ રીતે મન બુદ્ધિને હરી લે છે એટલે કે તેને સંસારની તરફ લઈ જાય છે પરંતુ જેનાં મન અને ઈન્દ્રિયો વશમાં હોય છે તેની બુદ્ધિને મન વિચલિત કરતું નથી, ઉલ્ટાનું પરમાત્માની પાસે પહોંચાડવામાં સહાય કરે છે. ઈન્દ્રિયો મનનું હરણ કરે છે અને મન બુદ્ધિનું હરણ કરે છે જેમાં ઈન્દ્રિયો નહીં પરંતુ મન જ મુખ્ય છે કારણ કે, જ્યાં સુધી કોઈ ઈન્દ્રિયની સાથે મન રહેતું નથી ત્યાં સુધી તે ઈન્દ્રિયને પોતાના વિષયનું જ્ઞાન પણ થતું નથી.

ભગવાનનાં ઉદાહરણ પણ એટલા સટીક હોય કે બીજો અર્થ જ ન મળે. જળમાં નાવને વાયુ ખેંચી જાય તેવી રીતે વિચરણશીલ એટલે કે ચંચળ ઈન્દ્રિયો માણસની બુદ્ધિને પણ ચંચળ બનાવે છે. ઈન્દ્રિયો તોફાની છે તેથી તેને અટકાવીશું તો અટકશે નહિ પરંતુ ગતિ નિયંત્રણ કરી શકાય છે. આ માટે તેને ઉત્કૃષ્ટ વિષયમાં કેન્દ્રિત કરવી જોઈએ. ભગવાનને વિષય બનાવીએ અને તેમાં જ મનને પરોવીએ તો સંભવ છે કે અભ્યાસ કરતા કરતા એક સ્થિતિ એવી આવે કે જ્યારે ભગવાનમાં જ મન આસક્ત રહે અને તેનાં લીધે યત્ર તત્ર સર્વત્ર ભગવાન જ દેખાય, ઈશ્વરમય બની જવાય અને આ જ છેલ્લી પગથી છે ભગવાન સાથે એકરૂપતા લાવવાની. નવધાભક્તિમાં કીધેલા અલગ અલગ પગથીયામાં શ્રવણભક્તિથી શરૂ કરીને આત્મ નિવેદન સુધી જવા માટે ભગવાનમાં મન ચીટકવું તે જ પ્રાથમિક અવસ્થા છે. ત્યાંથી શરૂ કરીને ભગવાનમાં ભળવું આ જ સાધ્ય છે. આમ મનબુદ્ધિ ચંચળ છે તેથી તેને નિયંત્રિત કરવી જોઈએ, તે માટે ભગવાનમાં તેને પરોવીએ તો વિકારો નબળા પડે છે અને વિચરણશીલ મન સ્થિર થાય.

મનને શાંતિ કેમ મળતી નથી? ચેન કેમ પડતું નથી? અને આનંદનો સ્ત્રોત કેમ મળતો નથી? આ બધા પ્રશ્નોનો જવાબ પણ એક જ છે કે ઈન્દ્રિયો સ્વાધિન નથી તેથી.. ગીતાકાર કહે છે કે ઈન્દ્રિયો તાબામાં લેવી જોઈએ. જે યુક્ત(સંયમી) છે તેની સ્થિતિનું વર્ણન કરતાં ભગવાન ગીતા(૨/૬૮)માં કહે છે કે..,

તસ્માદ્યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ
ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૮॥

જે પુરૂષની ઈન્દ્રિયો ઈન્દ્રિયોના વિષયોથી સર્વપ્રકારે વશમાં છે એની જ બુદ્ધિ સ્થિર છે. જે ઈન્દ્રિયોના ભોગોને બેફામ થઈ ભોગવે છે તેની પ્રજ્ઞા સ્થિર હોતી નથી. આમ કહીને સ્થિતપ્રજ્ઞ દર્શનમાં ઈન્દ્રિયસ્વાધિનતા સમજાવી સુંદર વર્ણન કર્યું છે. જ્યાં સુધી તું જ્ઞાનનું કે પ્રભુનું ધ્યાન ધરતો નથી ત્યાં સુધી વિષયનું ધ્યાન રહેવું એ તદ્દન સ્વાભાવિક છે, એટલે પ્રભુમાં પ્રેમ લગાડ અથવા જ્ઞાનમાં મગ્ન રહે. આ સિવાય બીજો રસ્તો નથી.

જેના મન અને ઈન્દ્રિયોમાં સંસારનું આકર્ષણ નથી રહ્યું તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે. સંસારની સાથે વ્યવહાર કરતી વખતે અથવા એકાંતમાં ચિંતન કરતી વખતે કોઈપણ અવસ્થામાં તેની ઈન્દ્રિયો ભોગોમાં કે વિષયોમાં પ્રવૃત થતી નથી. વ્યવહારકાળમાં ગમે તેટલા વિષયો તેના સંપર્કમાં ભલે આવે પણ તે વિષયો તેને વિચલિત કરી શકતા નથી, કારણ કે તેના મનમાં વિષયોનું મહત્ત્વ રહ્યું નથી. ઈન્દ્રિયો વિષયોથી પુરેપુરી રીતે વશમાં કરેલી છે એટલે કે વિષયોમાં તેનું લેશમાત્ર પણ રાગ આસક્તિ કે ખેંચાણ રહ્યું નથી. સાધકે દ્રઢતાથી એ નિશ્ચય કરી લેવો જોઈએ કે મારૂં લક્ષ્ય ભોગો ભોગવવાનું અને સંગ્રહ કરવાનું નહીં પરંતુ પરમાત્માની પ્રાપ્તિ કરવાનું છે. જો આવી સાવધાની નિરંતર જળવાઈ રહે તો તેની બુદ્ધિ સ્થિર થઈ જાય છે.

મહાબાહો એટલે લાંબા હાથવાળા. સામુદ્રિક લક્ષણોમાં લાંબા હાથ મહાપુરૂષનું લક્ષણ છે, ટૂંકા અંગો હીન પુરૂષનાં સામુદ્રીક લક્ષણો કહેવાય છે. પરાક્રમ કરવામાં જેના હાથ લાંબા હોય, જે દૂર દૂર સુધી પ્રવૃત્તિઓ કરી શકતા હોય તે મહાબાહો કહેવાય છે.

સંયમ એટલે ઈન્દ્રિયનિગ્રહ નહિ પણ વિષયનિગ્રહ. વિષયોને હલકા ઠરાવીશું તો જીવન જીવી શકાશે નહિ અને વિષયમાં જ આસક્ત રહીશું તો જીવનમાં અસ્થિરતા કઠોરતા અને અપરિપક્વતા આવશે. જે વાત ચંચળ હોય તેનાં પર કાબૂ કરવો જોઈએ. મન, મધમાખી, વરસાદ, સ્ત્રી, કામદેવ, પવન, લક્ષ્મી, અભિમાન, વાનર અને માછલી આ ચંચળ હોય છે. અહીં સૌથી પહેલો નંબર મનનો આવ્યો છે. મન ચંચળ છે તેથી વિષય તરફ તે ખેંચાય છે, કારણ કે તે તેનો સ્વભાવ છે. આ માટે વિષયમય પણ રહેવાનું નહિ અને અલિપ્ત પણ રહેવાનું નહિ આવી રીતની ટેવ મનને પાડવી જોઈએ અને તે માટે આપણા ઋષિઓએ આપણને કુટુંબ સંસ્થા આપી છે. અમુક સમુહમાં રહીને, તેની રીતિપદ્ધતિને અનુસરીને, સમાજનાં બંધનો સ્વીકારીને ભગવાનને ગમતા થવાનું છે. જે **વ્યક્તિ સંસારમાં જ આસક્ત છે તે નુકશાનકારક છે તેથી ધીમે ધીમે વિકારો છોડતા જવાના છે. સદ્ગુણો લાવતા જવાના અને વ્યવહાર કરતો જવાનો છે. સામાન્ય રીતે વિષયો માણસને રમાડે છે. આપણી રોજબરોજની ક્રિયા આ વિષય માટે જ થાય છે અને તેમાં જ આપણું જીવન ખલાસ થઈ જાય છે.** કેટલી મિલકત કેવો દેખાવ અને કેટલી પ્રસિદ્ધિ. આ માટે માણસ રીતસરનાં વલખા મારે છે. આ બધી વાતો જરૂરી છે જ પણ ભગવાનના દરબારમાં તેની કેટલી કિંમત અંકાશે? તેનો વિચાર કરવો જોઈએ. જેણે આ વિષયો છોડ્યા નહિ પણ ગૌણ ગણ્યા અને જીવન ભગવાન માટે વાપર્યુ તે સ્થિતપ્રજ્ઞ છે.

### છેલ્લા કેટલાક સમયથી એફ.આઈ.આઈ.ના વેચવાલીના દબાણ બાદ હવે વેલ્યુએશન સ્તરો વધુ આકર્ષક બનતાં

# લાંબા ગાળાના રોકાણકારોની ભારતીય બજારમાં ફરીથી પ્રવેશવાની વધેલી શક્યતા

## નિફટી ફ્યુચર ૨૫૬૦૬ પોઈન્ટ અતિ મહત્ત્વની સપાટીએ...!!!

**બીએસઈ સેન્સેક્સઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૩૫૩૫ સામે ૮૩૬૭૧ પોઈન્ટના મથાળેથી ખુલીને ૮૩૧૨૪ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. સરેરાશ ૮૧૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૩૩૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૩૮૭૧ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયો હતો..!!!

**નિફટી ફ્યુચરઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે નિફટી ફ્યુચર આગલા બંધ ૨૫૬૯૪ સામે ૨૫૭૩૧ પોઈન્ટના મથાળેથી ખુલીને ૨૫૫૫૫ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા નિફટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. સરેરાશ ૨૮૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફટી ફ્યુચર ૧૧૬ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫૮૧૧ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!


સ્થાનિક/વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો..., અમેરિકાની રેર અર્થ માટે એશિયાના અન્ય દેશો સાથે ડિલ કરવાની પહેલ અને ટ્રમ્પ આગામી વર્ષમાં ભારતની મુલાકાત લેશે એવી શકયતાના અહેવાલે ટ્રેડ ડિલની અપેક્ષાએ આજે સપ્તાહના બીજા કારોબારી દિવસે ભારતીય શેરબજાર ઉછાળા સાથે બંધ રહ્યું હતું. **અમેરિકામાં રિપબ્લિકન અને ડમોક્રેટ વચ્ચે લાંબા સમયથી ચાલતાં ઘર્ષણને પરિણામે અમેરિકામાં ઈતિહાસના સૌથી લાંબા શટડાઉનનો હવે સેનેટરોની મીટિંગ બાદ ઉકેલ આવવાના સંકેત મળતાં અમેરિકી શેરબજારોમાં ઉછાળા સાથે વૈશ્વિક બજારોમાં પણ તોફાની તેજી જોવાતાં તેની અસર ભારતીય શેરબજાર પર જોવા મળી હતી.**

શટડાઉનના પરિણામે અમેરિકાના અર્થતંત્ર, ઉદ્યોગો પર માઠી અસર પડી રહી હોઈ ઉકેલના સંજોગોમાં ફરી આઈ.ટી. સહિતના ઉદ્યોગોને રાહતની અપેક્ષાએ ફંડો શેરોમાં ખરીદદાર બન્યા હતા. અલબત ઉછાળે ઈન્ડેક્સ બેઝડ તેમજ સાઈડ માર્કેટમાં પ્રોફિટ બુકિંગ થતાં ઉછાળો આંશિક ઘટ્યો હતો. કોર્પોરેટ પરિણામો પાછળ સિલેક્ટિવ શેરોમાં ફંડોની ખરીદી રહી હતી.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, યુનાઈટેડ સ્ટેટ્સ સાથે ભારતના સંભવિત વેપાર સોદા અંગે આશાવાદ વચ્ચે ભારતીય રૂપિયો યુ.એસ. ડોલર સામે મજબૂત બન્યો હતો.

**સેકટર મુવમેન્ટ...** બોમ્બે સ્ટોક એક્સચેન્જ(બીએસઈ) પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૨૦% વધીને અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૯% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર હેલ્થકેર, ફાઈનાન્શિયલ સર્વિસ અને રિયલ્ટી સેક્ટરમાં ઘટાડો નોંધાયો હતો, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪,૩૭૩ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨,૨૪૫ અને વધનારની સંખ્યા




૧,૯૩૬ રહી હતી, ૧૯૨ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૧૨ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૭ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્ત્વે બીઈએલ ૨.૫૨%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૪૦%, અદાણી પોર્ટ્સ ૨.૧૧%, એચસીએલ ટેક્નોલોજી ૧.૮૯%, ઈટર્નલ ૧.૪૪%, ઈન્ફોસિસ લિ. ૧.૦૬%, ભારતી એરટેલ ૧.૦૬%, સન ફાર્મા ૧.૦૧% અને લાર્સન લિ. ૦.૮૮% વધ્યા હતા, જ્યારે બજાજ ફાઈનાન્સ ૭.૩૮%, બજાજ ફિનસર્વ ૬.૨૬%, ટાટા મોટર્સ ૦.૭૫%, કોટક બેન્ક ૦.૩૦% પાવર ગ્રીડ ૦.૨૨% અને ટાટા સ્ટીલ ૦.૨૨% ઘટ્યા હતા.

ઈન્ડેક્સ બેઝડ સેન્સેક્સ, નિફટી ફ્યુચરમાં ઉછાળા સાથે મિડકેપ શેરોમાં લેવાલીએ રોકાણકારોની સંપતિ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એકત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન ૦.૭૪ લાખ કરોડ વધીને ૪૬૮.૯૪ લાખ કરોડ રહ્યું હતું. એસ એન્ડ પી બીએસઈ સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૨૪ કંપનીઓ વધી અને ૬ કંપનીઓ ઘટી હતી.

**બજારની ભાવિ દિશાઃ-** મિત્રો, ભારતીય શેરબજારની ભાવિ દિશા સ્પષ્ટ રીતે સુધારાની તરફ આગળ વધી રહી છે. ગોલ્ડમેન સાક્સના અપગ્રેડ પછી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય અર્થતંત્ર પ્રત્યે વિશ્વાસમાં વધારો થયો છે. મજબૂત આર્થિક માળખું, સ્થિર નીતિગત વાતાવરણ, મોંઘવારી પર નિયંત્રણ અને આરબીઆઈની સંતુલિત વ્યાજદર નીતિએ રોકાણકારોને આશાવાદી બનાવ્યા છે. આગામી સમયગાળામાં સરકારી મૂડીખર્ચ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં મેક ઈન ઇન્ડિયા પહેલ અને ડિફેન્સ ઓટોમોબાઈલ રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં તેજી બજારને મજબૂત આધાર આપશે. કોર્પોરેટ કમાણીમાં સુધારાથી અને ઈપીએસ વૃદ્ધિથી નિફટી અને સેન્સેક્સ બંનેમાં સકારાત્મક દિશા જાળવાય તેવી શક્યતા છે.

બીજી તરફ, વિદેશી રોકાણકારોની વાપસી પણ બજાર માટે નવી ઊર્જા લાવી શકે છે. છેલ્લા કેટલાક સમયથી એફઆઈઆઈના વેચવાલીના દબાણ બાદ હવે વેલ્યુએશન સ્તરો વધુ આકર્ષક બન્યા છે, જેના કારણે લાંબા ગાળાના રોકાણકારો ફરીથી ભારતીય બજારમાં પ્રવેશવાની શક્યતા વધેલી છે. વૈશ્વિક મંદીનું દબાણ ઘટતું જાય છે અને યુ.એસ. ફેડના વ્યાજદરના સ્થિર રહેવાના સંકેતો પણ ઉદ્ભવતા બજારો માટે સકારાત્મક છે. બેંકિંગ, નોનબેંકિંગ ફાઈનાન્શિયલ, ડિફેન્સ અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ જેવા ક્ષેત્રોમાં મૂલ્ય આધારિત વૃદ્ધિ જોવા મળી શકે છે. સમસ્ત રીતે જોવામાં આવે તો ભારતીય શેરબજાર માટે આગામી વર્ષ ૨૦૨૬ સુધીની દિશા આશાવાદી અને વૃદ્ધિમુખી દેખાઈ રહી છે.

**ડિસ્કલેમર/પોલીસી/શરતો** www.nikhilbhatt.inને આધીન...!!! સિક્યોરિટીઝ માર્કેટમાં રોકાણ બજારના જોખમોને આધીન છે. રોકાણ/વેપાર કરતા પહેલાં www.nikhilbhatt.in પર ઉલ્લેખિત ડિસ્ક્લેમર અને તમામ સંબંધિત દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો અને સંમત થાઓ.

# USમાં એચ-૧બી વિઝાની એક લાખ ડોલરની ફીની ઉઘરાણી શરૂ

**અમેરિકામાં છેલ્લાં ૪૦ દિવસથી ચાલી રહેલું શટડાઉન હવે સમાપ્ત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન ડીસી, તા.૧૧**

અમેરિકન કંપનીઓના વિરોધ વચ્ચે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં એચ-1બી વિઝાની ફી વધારીને 1 લાખ ડોલર કરવાની જાહેરાત કરી હતી. યુએસ સિટીઝનશીપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USICS) એ હવે આ નવી વધારાયેલી ફીની વસૂલાત માટે રિક્વેસ્ટ ફોર એવિડન્સ (RFEs) મોકલી તેની ઉઘરાણી શરૂ કરી છે.

યુએસ ઈમિગ્રેશન વિભાગની આ કાર્યવાહીથી એચ-1બી વિઝાધારકોની કુલ સંખ્યામાં 70 ટકાથી વધુનો હિસ્સો ધરાવતાં ભારતીયોની ચિંતા વધી છે. આરઈએફ જારી કરવાની સંખ્યામાં વધારો તથા તે સાથે સંકળાયેલી કાનૂની સમસ્યાઓને પગલે એચ-1 બી વિઝાના પ્રોસેસિંગ ટાઈમ તથા ખર્ચમાં વધારો થવાની શક્યતામાં વધારો થયો છે.

ઉલ્લેખનીય છે કે, ગત સપ્ટેમ્બર મહિનામાં ભારતના હજારો પ્રોફેશનલ્સને ફટકો પડે તેવી એક હિલચાલમાં અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે H-1B વિઝાની વાર્ષિક ફી વધારી જંગી 1 લાખ ડોલર (આશરે રૂ.88 લાખ) કરવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા હતાં. અગાઉ H-1B વિઝા ફી લગભગ 2000થી 5000 ડોલર સુધી હતી. આ વિઝા ત્રણ વર્ષ માટે માન્ય હોય છે અને તેને બીજા ત્રણ વર્ષ માટે રિન્યુ કરી શકાય છે. જે કેસોમાં ફીની જરૂર ના હોય તેવા લોકોને પણ આરઈએફ જારી કરવાના પ્રમાણમાં થયેલાં વધારાને લીધે લોકોની મૂંઝવણમાં વધારો થયો છે. કોઈ અરજી કે પીટિશનમાં દસ્તાવેજો પૂરતા નહીં હોવાનું લાગવાના કિસ્સામાં યુએસ ઈમિગ્રેશનના અધિકારી વિઝા આપવા કે નહીં તેનો નિર્ણય લેવા માટે એક નોટિસ પાઠવે છે જે આરઈએફ તરીકે ઓળખાય છે.

ઈમિગ્રેશન બાબતોના એક નિષ્ણાતના જણાવ્યાં અનુસાર, એચ-1બીની વિઝા ફીમાં કરાયેલાં તોતિંગ વધારાના હુકમની કાયદેસરતા સામે યુએસ ચેમ્બર ઓફ કોમર્સ તથા એચ-1બી એડવોકસી ગ્રૂપ્સ સહિતના જૂથોએ કેસ કર્યો છે. નિષ્ણાતોએ વધુમાં જણાવ્યું હતું કે, એચ-1બી વિઝા સાથે સંકળાયેલી નાણાકીય અને કાનૂની અનિશ્ચિતતાઓને લીધે કંપનીઓને તેમની એચ-1બી સ્પોન્સરશિપની વ્યૂહરચનામાં ફેરફાર કરવાની




ફરજ પડશે.

અમેરિકામાં છેલ્લાં 40 દિવસથી ચાલી રહેલું શટડાઉન હવે સમાપ્ત થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. અમેરિકી સેનેટે એકપક્ષીય સંમતિ ધરાવતાં પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. હવે આ દરખાસ્ત હાઉસ ઓફ રિપ્રેન્ઝેન્ટેટિવમાં વિચારણા માટે મોકલી દેવાઈ છે. આ બિલ હેઠળ મોટાભાગના સંઘીય સંસ્થાઓને જાન્યુઆરી સુધી ફંડિંગ આપવામાં આવશે અને શટડાઉનથી અસરગ્રસ્ત કર્મચારીઓને બાકીના પૈસા આપવાની ગેરંટી મળી જશે. આ સમજૂતી ગત અઠવાડિયાના અંત સુધીમાં ડેમોક્રેટિક સેનેટર જીન શાહીન અને મેગી હસને રિપબ્લિકન નેતા જોન થ્યૂન અને વ્હાઈટ હાઉસના પ્રતિનિધિઓ સાથે મળીને તૈયાર કરી છે. આઠ જેટલા ડેમોક્રેટ સેનેટરોએ પાર્ટી લાઈનથી વિપરીત આ બિલનું સમર્થન કર્યું છે. તેમના મદદથી બિલ 60 મતોથી પસાર થયું છે.

**મૂળ આંધ્રપ્રદેશની વતની રાજી અભ્યાસ પછી નોકરી શોધી રહી હતી**

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થિનીનું ખાંસી, છાતીમાં દુઃખાવાથી મોત

**૨૩ વર્ષીય રાજીના અચાનક મોતથી પરિવારજનો અને મિત્રોમાં ઊંડા શોકની લાગણી પ્રસરી ગઈ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ટેક્સાસ, તા.૧૧**

અમેરિકામાં તાજેતરમાં સ્નાતકની પદવી મેળવ્યા પછી નોકરીની શોધખોળ કરી રહેલી એક ૨૩ વર્ષીય ભારતીય વિદ્યાર્થિનીનું કથિત રીતે ગંભીર ખાંસી અને છાતીમાં દુખાવા ઉપડ્યા પછી મોત થયું છે.

પ્રાથમિક માહિતી મુજબ, આંધ્રપ્રદેશના રાજલક્ષ્મી યાર્લાગડ્ડા ઉર્ફે રાજીએ તાજેતરમાં ટેક્સાસ એએન્ડએમ યુનિવર્સિટી કોર્પસ ક્રિસ્ટીમાંથી સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. અભ્યાસ પૂર્ણ કર્યા પછી રાજી પોતાની કારકિર્દીનો આરંભ કરવાની તૈયારીના ભાગરુપે નોકરી શોધી રહી હતી. ૨૩ વર્ષીય રાજીના અચાનક મોતથી પરિવારજનો અને મિત્રોમાં ઊંડા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

આ દરમિયાન, ટેક્સાસના ડેન્ટનમાં રાજીના પિતરાઈ ભાઈ ચૈતન્ય વાયવીકેએ ફંડ એકત્ર કરવા માટે અભિયાન શરુ કર્યું છે, જેથી રાજીના પાર્થિવ શરીરને ભારત લાવી શકાય અને તેણીના પરિવારને પણ આર્થિક મદદ કરી શકાય. હમણાં સુધી ચાલી રહેલા અભિયાન દ્વારા ૧.૨૫ અમેરિકન ડોલર(લગભગ એક કરોડ રૂપિયા) એકત્ર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ચૈતન્યે જણાવ્યું કે, રાજી ખૂબ હોશિંયાર અને આશાવાદી યુવતિ હતી. નોકરી કરીને પોતાના માતા-પિતાને મદદરૂપ થવાનું તેણીનું સપનું હતું. રાજીનો પરિવાર જીવનનિર્વાહ માટે ફક્ત ખેતી અને પશુપાલન પર નિર્ભર છે.

**અમેરિકી પ્રમુખ દરેક અમેરિકનને 'ડિવિડન્ડ' પેટે રૂ.૧.૭ લાખ આપશે**

# ટેરિફથી અબજો ડોલરની કમાણી થઈ છે, તેનો વિરોધ કરનાર મૂર્ખ છેઃ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન ડીસી, તા.૧૧**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ટ્રુથ સોશિયલ પર દાવો કર્યો છે કે ટેરિફથી અબજો ડોલરની કમાણી થઈ રહી છે. આ સાથે ટ્રમ્પે કહ્યું કે, આ કમાણીમાંથી અમીરોને છોડીને દરેક અમેરિકન નાગરિકને ૨૦૦૦ ડોલર (લગભગ ૧.૭ લાખ રૂપિયા)નું 'ડિવિડન્ડ' મળશે.

પ્રમુખ ટ્રમ્પ ટેરિફની ટીકા કરનારાઓને મૂર્ખ ગણાવ્યા અને કહ્યું કે, ટેરિફની વિરુદ્ધ બોલનાર મૂર્ખ છે. અમારી સરકારે અમેરિકાને વિશ્વનો સૌથી અમીર અને સન્માનિત દેશ બનાવી દીધો છે, જ્યાં મોંઘવારી નહીંવત છે અને શેરબજાર વિક્રમસ્તર પર છે. જોકે, ટ્રમ્પે એ નથી જણાવ્યું કે આ પ્રોફિટ કોને મળશે. તેની પાત્રતા કે માપદંડો શું હશે? અર્થાત આવકમર્યાદા કેટલી હશે? તેમજ નાગરિકોને ડિવિડન્ડ ક્યારે મળશે? આ સમયમર્યાદાની માહિતી પણ ટ્રમ્પે આપી નથી.

અહીં નોંધવું રહ્યું કે, આવું પહેલીવાર નથી કે ટ્રમ્પે આવું વચન આપ્યું છે. ઓક્ટોબરમાં ટ્રમ્પે ૧૦૦૦થી ૨૦૦૦ ડોલરના છૂટનો સંકેત આપ્યો હતો. આ પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, એપ્રિલ ૨૦૨૫માં લગાવેલા ટેરિફ(૧૦ ટકાથી ૫૦ ટકા) અમેરિકાની અર્થવ્યવસ્થાને મજબૂત કરી રહ્યા છે. વ્હાઈટ હાઉસે તર્ક આપ્યો હતો કે ૧૯૭૭ના ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ અંતર્ગત રાષ્ટ્રપતિને વ્યાપાર કંટ્રોલ કરવાની શક્તિ છે, જેમાં ટેરિફ લગાવવાની બાબત પણ સામેલ છે. અહીં નોંધવું રહ્યું કે, અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પના મોટાભાગના ટેરિફને ગેરકાયદે ગણાવ્યા છે. આ બાબતને લઈને ટ્રમ્પનું કહેવું છે કે બીજા દેશો આપણા પર ટેરિફ લગાવી શકે છે પરંતુ આપણે તેમના પર લગાવી શકીએ નહીં. ફક્ત ટેરિફને લીધે જ વ્યવસાય અમેરિકામાં આવી રહ્યા છે. ટેરિફ સિવાય આપણી પાસે કશુંય પણ નથી. શું સુપ્રીમ કોર્ટ આ વાત સમજી શકતી નથી.

# નેપાળના મધેશ પ્રાંતમાં ભારે રાજકીય-વિવાદ ભડકી ઉઠયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કાઠમંડુ,તા.૧૧**

નેપાળના મધેશ પ્રાંતમાં સોમવારે સવારે ભારે રાજકીય-વિવાદ ભડકી ઉઠયો હતો. સીપીએમ- યુએનએલના ગઠબંધનના સંસદીય દળના નેતા સરોજકુમાર યાદવને મુખ્યમંત્રી બનાવ્યા પછી તુર્ત જ જનકપુરધામ સ્થિત મુખ્યમંત્રીના કાર્યાલયમાં ટોળાઓએ ઘૂસી જઈ તોડફોડ કરી હતી. મધેશ પ્રાંતમાં રાજકારણમાં ધરતીકંપ તેટલા માટે થયો છે કે, પ્રાંત પ્રમુખ (રાજયપાલ) સુમિત્રા દેવી ભંડારીએ સોમવારે બદીવાસ વિસ્તારમાં આવેલી એક હોટેલમાં સરોજકુમારને મુખ્યમંત્રીપદના શપથ લેવડાવ્યા. આ ટીમમાં પૂર્વ મુખ્યમંત્રી કે. પી. શર્મા ઓલીના શાસનકાળમાં ભંડારીએ પ્રાંત-પ્રમુખ (ગવર્નર) પદે નિયુક્ત કરાયા હતા. તેઓએ નેપાળી કોંગ્રેસના નેતૃત્વ નીચેના ગઠબંધનની ઉપેક્ષા કરી આ પગલું ભરતા તોફાનો ફાટી નીકળ્યાં હતા.

યાદવની મુખ્યમંત્રી પદની નિયુક્તિ સામે ડાબેરીઓ સિવાયના તમામ રાજકીય પક્ષોએ વિરોધ ઉઠાવ્યો હતો તેઓએ ભારતની સરહદને સ્પર્શીને રહેલા આ સંવેદનશીલ ક્ષેત્રમાં મધેશી સમુદાયની માંગણીઓ વર્ષો વીત્યા છતાં સંતોષાઈ નથી તેથી ત્યાં તંગદિલી પ્રવર્તે છે.

પ્રાપ્ય માહિતી મુજબ પ્રાંતીય વિધાનસભાના કેટલાક સદસ્યોએ અન્ય લોકોની સાથે મળી મુખ્યમંત્રીની ઓફિસમાં ઘૂસપેઠ કરી ફર્નિચર તથા સંપત્તિને નુકસાન પહોંચાડયું તેમના કાર્યાલયમાં રહેલો રાષ્ટ્રધ્વજ પણ તોફાનોમાં ફેંકાઈ ગયો. નિરીક્ષકો માને છે કે, દેશમાંથી રાજાશાહી દૂર કરી ડાબેરીઓના નેતૃત્વ નીચેની સરકાર રચાઈ ત્યારથી જ લોકોમાં અફસોસ વ્યાપેલો છે તેમાં ય ઓલીના સમયથી ચીનની કરાતી




કદમબોસી અને ભારત પ્રત્યેની ઉદાસીનતા પછીથી ભારતનો ડાબેરી જૂથો દ્વારા ચઢામણીથી થતો વિરોધ અને તેમાં દેશના અર્થતંત્રની થયેલી બેહાલી, બેકારી અને મોંઘવારીએ જનાક્રોશ વધારી દીધો છે. ઓલીને તો દેશ છોડી નાસી જવું પડયું હતું તે યાદ રહે. ઓલી ચીન તરફી છે તે જાણીતું છે ચીને નેપાળનો કેટલોક પ્રદેશ દબાવ્યો છે તે જનતા જાણે છે તેથી જ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ (સીપીએમ) માટે કટ્ટર વિરોધ કરે છે તેના ટેકાથી સરોજ મુખ્યમંત્રી બન્યા છે.




**રાજામૌલીની ફિલ્મની લાંબા સયથી ચર્ચા ચાલી રહી છે**

# રાજામૌલીની ફિલ્મમાં પૃથ્વીરાજ સુકુમારનનો 'કુંભા' લૂક જાહેર થયો




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૧**

રાજામૌલીની ફિલ્મની લાંબા સયથી ચર્ચા ચાલી રહી છે. સેટ પરથી વાયરલ થયેલી કેટલીક તસવીરો અને ફિલ્મના નામની જાહેરાત સિવાય હજુ સુધી કંઈ જ જોવા મળ્યું નથી. ત્યારે ૧૫ નવેમ્બરે તેઓ હૈદ્રાબાદમાં એક મોટી ઈવેન્ટનું આયોજન કરી રહ્યા છે. તે પહેલાં મહેશ બાબુ અને પ્રિયંકા ચોપરાની આ ફિલ્મમાંથી પૃથ્વીરાજ સુકુમારનનો પહેલો લૂક જાહેર કરવામાં આવ્યો છે.





એસએસ રાજામૌલીએ પોતાના સોશિયલ મીડિયા પર પૃથ્વીરાજને 'કુંભા' તરીકે જેહરહ કરતી એક તસવીર જાહેર કરી છે, જેમાં પૃથ્વીરાજ, ઉગ્ર અને શક્તિશાળી વિલન તરીકે દેખાય છે. આમાં પૃથ્વીરાજ એક હાઈટેક વ્હીલચેરમાં બેઠો છે અને તેમાંથી રોબોટીક હાથ બહાર આવી રહ્યા છે. એ દર્શાવે છે કે આ ફિલ્મનો વિલન ક્યારેય જોવા ન મળ્યો હોય એવો હશે.

રાજામૌલી અને મહેશબાબુની આ ફિલ્મ એક મોટી જંગલ એડવેન્ચર ફિલ્મ છે, જેને હંગામી ધોરણે 'ગ્લોબ ટ્રોટર' નામ આપવામાં આવ્યું હતું. 'બાહુબલી' અને 'આરઆરઆર' જેવી ગ્લોબલી સફળ થયેલી ફિલ્મની છાપ સાથે આ ફિલ્મની જાહેરાત થઈ એ પહેલાંથી જ આ ફિલ્મ માટે ઘણી આતુરતા અને ઉત્સુકતા છે. ત્યારે રાજામૌલીએ આ ફિલ્મ અંગે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું હતું, "તેમની ત્રણેયની સાથે ક્લાઈમેક્સનાં શૂટ વચ્ચે ગ્લોબ ટ્રોટરની ઈવેન્ટ માટે પણ ઘણી તૈયારીઓ ચાલી રહી છે, કારણ કે અમે કશુંક એવું કરવા જઈ રહ્યા છીએ, જે અમે પહેલા કરેલાં દરેક કામથી ઘણું અલગ છે. તમે બધા હવે ૧૫ નવેમ્બરે તેની ઝલક મેળવી શકો તેના માટે આતુર છીએ." આ પોસ્ટ પરથી અંદાજ આવે છે અને એવા અહેવાલો છે કે હાલ આ ફિલ્મના ક્લાઈમેક્સ માટે મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા અને પૃથ્વીરાજ સુકુમારન ત્રણેય સાથે શૂટિંગ ચાલી રહ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર આ શૂટ રાજામૌલીની કોઈ પણ ફિલ્મ માટે ટેન્કિકલી સૌથી વધુ પડકારજનક શૂટિંગ છે. ત્યારે હવે પૃથ્વીરાજના આ પોસ્ટર લોંચ સાથે ફિલ્મના પ્રમોશનની મોટા પાયે શરૂઆત થઈ ગઈ છે. સાથે રાજામૌલીએ એવું પણ કહ્યું છે કે આવનારા દિવસોમાં ફિલ્મ વિશે અલગ અલગ અપટેડ અને સરપ્રાઈઝ મળતી રહેશે.

**મેકર્સ ઓટીટી પર ફિલ્મ રિલીઝ કરવા કોશિશ કરશે**

# અનુશ્કા શર્માની 'છકડા એક્સ્પ્રેસ'ની વીમેન્સ વર્લ્ડ કપમાં જીત બાદ ડિમાન્ડ

**ઈન્ડિયન વીમેન્સ ક્રિકેટ ટીમની ઐતિહાસિક જીત પછી લોકોને ફરી એક વખત આ ફિલ્મ જોવામાં રસ પડ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૧**

અનુશ્કા શર્માની ૨૦૨૨માં 'કાલા' પછી કોઈ ફિલ્મ જોવા મળી નથી. ત્યારે તેના ફેન્સને ફરી એક વખતે તેની કોઈ ફિલ્મ જોવા મળશે એવી શક્યતા હવે છે. સાત વર્ષે તેની કોઈ ફિલ્મ જોવા મળશે. તેણે ૨૦૨૨માં ઝુલન ગોસ્વામી પરની સ્પોર્ટ્સ બાયોપિક 'છકડા એક્સ્પ્રેસ' શૂટ કરી હતી. પરંતુ કોઈના કોઈ કારણસર આ ફિલ્મ રિલીઝ થઈ શકી નહોતી. ત્યારે હવે એવા અહેવાલ છે કે તેઓ આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ કરવાની કોશિશ કરી રહ્યા છે.

હવે ઈન્ડિયન વીમેન્સ ક્રિકેટ ટીમની ઐતિહાસિક જીત પછી લોકોને ફરી એક વખત આ ફિલ્મ જોવામાં રસ પડ્યો છે. તેથી વર્લ્ડ કપ જીત્યા ત્યારથી આ ફિલ્મ માટે સોશિયલ મીડિયા પર માગણી કરવામાં આવી રહી છે. આ અહેવાલો અનુસાર, ફિલ્મના પ્રોડ્યુસર્સે ઓટીટી પ્લેટફર્મને સીધું જ લખ્યું છે, કે તેઓ આ ફિલ્મ તેમના પ્લટફર્મ પર રિલીઝ કરવા પર વિચાર કરે. એવા પણ અહેવાલ છે કે તેમણે નેટફિલ્કસ ઈન્ડિયાનો સંપર્ક કર્યો છે. જેથી તેઓ પોતાના આંતરિક વિખવાદોથી ઉપર ઉઠીને આ ફિલ્મ પર વિચાર કરે જેથી તેમની ફિલ્મ વાસ્તવિક જીવનમાં લોકો સુધી પહોંચી શકે અને સવારનો સૂરજ જોઈ શકે. સાથે તેમણે એવું પણ લખ્યું કે આ ફિલ્મ જુલન જેવી હસ્તી પર બનેલી છે, જે ખરેખર દર્શકો સુધી પહોંચવાને લાયક છે.

આ અંગે એક સુત્રએ જણાવ્યું કે, પ્રોડક્શન હાઉસે બજેટથી બહાર નીકળીને આ ફિલ્મ બનાવી છે પરંતુ જે રીતે ફિલ્મ બની છે, તેનાથી નેટફિલ્કસની ટીમ શરૂઆતમાં ખુશ નહોતી. સુત્રે જણાવ્યું કે, તેમ છતાં આ ફિલ્મ એક મજબુત ફિલ્મ છે. તેથી હવે ટીમમાં આંતરીક ચર્ચાઓ શરૂ થઈ છે. તેથી એવી અપેક્ષા છે કે ટૂંક સમયમાં ફિલ્મની ટીમ તરફથી આ અંગે કોઈ સારા સમાચાર આવી શકે છે.

**ડિરેક્ટરે આખરે ખુલાસો કર્યો**

# અનીતે હોરર કોમેડીમાં કિઆરાની જગ્યા લીધી?

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૧**

જ્યારથી અનીત પડ્ડા અને અહાન પાંડેની 'સૈયારા' આવી ત્યારથી અનીત પડ્ડા જેન ઝીનો નવો ચહેરો બની ગઈ છે. વર્ષની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ આપ્યા પછી હાલ તે તેની કોલેજની ફાઈનલ એક્ઝામની તૈયારીઓ કરી રહી છે. તેની પરીક્ષાઓ ડિસેમ્બર અને જાન્યુઆરીમાં પુરી થશે. પછી તે મેડોકની 'શક્તિ શાલિની'નું શૂટ શરૂ કરશે. આ અંગે સુત્રોના જણાવ્યા અનુસાર, "આટલી નાની ઉંમરે અનીત આટલી મોટી સફળતા બની ગઈ છે, તે બહુ મોટી વાત છે. તે ડિસેમ્બર અને જાન્યુઆરીમાં તેની કોલેજની ફાઈનલ પરીક્ષાઓ આપશે. તેના પછી તે દિનેશ વિજાનની શક્તિ શાલિની માટે કામ શરૂ કરશે. તે હાલ પોલિટિકલ સાયન્સમાં બી.એનો અભ્યાસ કરી રહી છે. તે કામ અને અભ્યાસ બંને એકસાથે સારી રીતે મેનેજ કરી રહી છે." અનીત મેડોકની કોઈ ફિલ્મમાં લીડ રોલ કરનારી સૌથી નાની ઉંમરની એક્ટ્રેસ છે, કે માત્ર ૨૨ વર્ષની છે. તેની ફિલ્મ ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ રિલીઝ થશે. આ સાથે જ અનીતે આ ફિલ્મમાં કિઆરાને રિપ્લેસ કરી હોવાની વાત પર ફિલ્મના ડિરેક્ટર અમર કૌશિકે સ્પષ્ટતા પણ કરી છે.

મેડોકના હોરર કોમેડી યુનિવર્સની સ્ત્રીથી શરૂઆત કરનાર અમર કૌશિકે જણાવ્યું, "કિઆરા સુંદર કલાકાર છે. કશું જ નક્કી થયું નહોતું, તેથી મને પણ ખબર નથી કે આ બધું કઈ રીતે બહાર આવ્યું. હું તો હંમેશા કિઆરા સાથે કામ કરવા માગું છું. તમે જ્યારે સ્ટોરી લખો ત્યારે તમારા મનમાં વિચાર હોય છે અને તમે જેમ આગળ વધો તેમ તમને ખ્યાલ આવે છે કે આ પાત્રમાં કોણ ફિટ બેસે છે. જ્યારે સૈયારા આવી ત્યારે અમે હજુ શક્તિ શાલિની લખી રહ્યા હતા." જ્યારે કિઆરા આ ફિલ્મ ક્યારેય કરવાની હતી કે નહીં, તે અંગે અમર કૌશિકે કહ્યું, "કોઈ નક્કી થયું નહોતું. એવું કશું જ હતું નહીં. અમે માત્ર વિચારવામાં હતા કે આ રોલ માટે કોને લઈ શકાય. ક્યારેક તો આપણને આખી વાતની ખબર પણ ન હોય અને વાતો વહેતી થઈ જતી હોય છે." થમ્મા ફિલ્મ વખતે શક્તિ શાલિનીનું ટીઝર લોંચ કરવામાં આવ્યું હતું. આયુષ્યમાન અને રશ્મિકાની આ ફિલ્મની પોસ્ટ ક્રેડિટમાં એ જાહેર કરી દેવાયું હતું કે અનીત પડ્ડા આ ફિલ્મમાં લીડ રોલ કરશે. જોકે, આ ફિલ્મ અંગેની અન્ય કોઈ માહિતી હજુ જાહેર થઈ નથી. અમર કૌશક લખે છે અને આ ફિલ્મ મેડોકના હોરર કોમેડી યુનિવર્સનું આગળનું પ્રકરણ હશે એ નક્કી છે. અત્યાર સુધીમાં આ યુનિવર્સમાં સ્ત્રી, સ્ત્રી ૨, મુંજ્યા, ભેડિયા, અને તાજેતરમાં રિલીઝ થયેલી થમ્મા સહિતની ફિલ્મ આવી ચુકી છે. આ બધી ફિલ્મની સંયુક્ત ગ્લોબલ કમાણી ૧૫૦૦ કરોડે પહોંચી છે. થમ્માએ હજુ સુધીમાં ૧૮૦ કરોડની કમાણી કરી છે.

**'ફેમિલી મેન ૩'માં 'ફર્ઝી ૨'નું ક્રોસ ઓવર જોવા મળવાની ચર્ચા**

# રુકમા 'પાતાલલોક'ના હાથીરામથી અલગ અને ક્રૂર છે : જયદીપ આહલાવત

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૧**

મનોજ બાજપાઈની 'ધ ફેમિલી મેન'ની ત્રીજી સીઝનનું ટ્રેલર આવી ગયું છે, ત્યારે આ સીઝનમાં જયદીપ આહલાવત, ગુલ પનાગ, નીમ્રત કૌર જેવા કલાકારો પણ જોડાયા છે. જયદીપનું હાથીરામનું પાત્ર ઘણું લોકપ્રિય થયું છે, ત્યારે જયદીપે હવે તેના આ રોલની વાત કરી છે. તેણે હાથીરામ અને રુકમા વચ્ચે સરખામણી પણ કરી હતી. જયદીપ માટે ૨૦૨૫નું વર્ષ ઘણું સારું રહ્યું છે, જાન્યુઆરીમાં તેની 'પાતાલલોક ૨' આવી હતી. પછી તે એપ્રિલમાં 'જ્વેલથીફ – ધ હાઈસ્ટ બીગિન'માં પણ જોવા મળ્યો. હવે તે લોકપ્રિય સિરીઝમાં જોડાયો છે, ત્યારે જયદીપે કહ્યું, "હું ખરેખર રાજ અને ડીકેનો આભારી છું. આ વર્ષની શરૂઆત પાતાલલોકથી થઈ અને અંત ફેમિલીમેન, રાજ અને ડિકે તેમજ મનોજભાઈ સાથે થશે."

હાથીરામ અને રુકમાના પાત્ર વિશે વાત કરતાં જયદીપે કહ્યું, "હાથીરામના રોલમાંથી બહાર નીકળવું મુશ્કેલ નહોતું. ખરેખર તો મેકર્સ માટે બંને પાત્રોને અલગ કરવા અઘરા હતા અને તેમણે જે રીતે આ બંને પાત્રો બનાવ્યા છે, તેનાથી તેમણે કરી બતાવ્યું છે, પછી એ દેખાવ હોય કે પછી પાત્રની અસર હોય. રુકમા જેટલો ક્રુર અને બેફિકરો છે, હાથીરામ તો એની આસપાસ પણ ન આવી શકે.

રુકમાની સરખામણીએ હાથીરામ ઘણો ચિંતાશીલ સ્વભાવ ધરાવે છે. તેનાથી જ આ રોલ કરવામાં મને સૌથી વધુ મજા આવી." જ્યારે મનોજ બાજપાઈ સાથે કામ કરવાના અનુભવ અંગે જયદીપે કહ્યું, "મનોજભાઈ સાથે કરવાનો ઉત્સાહ શબ્દમાં મુકવો અશક્ય છે. તેમને રોલ માટે તૈયારી કરતા જોવા, એ જે રીતે પાત્રમાં પ્રવેશ કરે છે, એનાથી જ મને મજા આવી ગઈ હતી."

આ સિરીઝ ૨૧ નવેમ્બરે આવી રહી છે, ત્યારે હવે 'ધ ફેમિલી મેન'માં રાજ અને ડીકેની અન્ય એક સિરીઝ 'ફર્ઝી'નું ક્રોસ ઓવર જોવા મળે એવી પણ શક્યતા છે. 'ફર્ઝી'ની પહેલી સીઝનમાં 'ધ ફેમિલી મેન'નું ક્રોસ ઓવર જોવા મળ્યું હતું. જેમાં વિજય સેતુપતિ મનોજ બાજપાઈને એક હિન્ટ માટે મદદ માગવા ફોન કરે છે અને તે એને ચેલ્લમ સરનો સંપર્ક કરવા કહે છે. આ સિરીઝની ટ્રેલર લોંચ ઈવેન્ટમાં તેના ક્રિએટર્સ રાજા નિદિમોરુ અને ક્રિશ્ના ડિકે હાજર રહ્યા હતા. ત્યારે ક્રોસ ઓવર અંગેના પ્રશ્નમાં રાજ હસી પડ્યો હતો અને કહ્યું હતું કે, "સમસ્યા એ છે કે ડીકે બહુ જ હસ્યા કરે છે અને બધું જ જાહેર કરી દે છે." જોકે, એમેઝોનની ટીમે તેમને આ અંગે કશું જ જાહેર કરતાં અટકાવવાની કોશિશ કરી હતી. પરંતુ તેમના આ પ્રતિસાદ પરથી લાગ્યું કે આ સિરીઝમાં પણ ક્રોસ ઓવર તો હશે જ. એમેઝોનમાં મનોરંજનની દુનિયામાં ક્રોસ ઓવર એક ટ્રેન્ડ બની ગયું છે.

### મતદાર યાદી સુધારણાની પ્રક્રિયા

# ગુજરાતમાં ૨.૧૭ કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ





(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૧૧**

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરીની સમગ્ર ટીમ રાજયભરના જિલ્લા ચૂંટણી અધિકારીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ તથા સહાયક મતદાર નોંધણી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને સમગ્ર કાર્યપ્રગતિ પર નજર રાખવાની સાથે તેમને માર્ગદર્શન આપી રહી છે. મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર પાયાના પત્થર સમાન છે.

ગણતરી (એન્યુમરેશન) ફોર્મનું વિતરણ, મતદારને તેમના નામ અથવા સંબંધીઓના નામ સાથે મેચિંગ/ લિંકિંગમાં મદદ કરવી તથા નવા મતદારોને નામ ઉમેરવા માટે કરવી પડતી પ્રક્રિયાથી માહિતગાર કરવા સહિતના ખૂબ જ અગત્યની કામગીરી બૂથ લેવલ ઓફિસર સુપેરે સંભાળી રહ્યા છે. જેના માટે તેમને ફાળવવામાં આવેલા વિસ્તારના ઘરોની ત્રણ વખત મુલાકાત પણ લઈ રહ્યા છે.

હાલમાં રાજ્યભરના તમામ જિલ્લાઓમાં કુલ ૫૦,૯૬૩ બૂથ લેવલ ઓફિસર્સ ખંતપૂર્વક ફરજ નિભાવી રહ્યા છે. અદ્યતન મતદાર યાદી અનુસાર રાજ્યમાં કુલ ૫.૦૮ કરોડ મતદારો નોંધાયેલા છે. જેમના મેપિંગ માટે રૂબરૂ, મોબાઈલ એપ્લિકેશન તથા ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી ૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઉપલબ્ધ વિગતોને આધારે ૨.૧૭ કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. જ્યારે ૩.૯૦ કરોડ ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ થયું છે. આમ, રાજ્યભરમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા કરતા BLO ખરા અર્થમાં ભારતના ચૂંટણીપંચના ધ્વજવાહક બન્યા છે.

# ‘મેરા યુવા ભારત-દમણ’ દ્વારા તૃતીય બ્લોક સ્તરીય રમત-ગમત સ્પર્ધા યોજાઈ

## યુવાઓમાં રમતની ભાવનાનો વિકાસ, શારીરિક ફિટનેસને પ્રોત્સાહન તથા સ્વસ્થ સ્પર્ધાની ભાવનાને ઉત્તેજન આપવાના હેતુથી સ્પોર્ટ્સ મીટનું કરાયેલું આયોજન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૧૧**

‘મેરા યુવા ભારત-દમણ’ના નેજા હેઠળ ૯મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ બાલ ભવન-દમણ ખાતે તૃતિય બ્લોક સ્તરીય રમત-ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમત-ગમત સ્પર્ધાનો ઉદ્દેશ પ્રદેશના યુવાઓમાં રમત-ગમતની ભાવનાનો વિકાસ થાય તથા શારીરિક ફિટનેસને પ્રોત્સાહન આપવા અને સ્વસ્થ સ્પર્ધાની ભાવનાને બળ આપવાનો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે પ્રદેશના યુવાઓમાં રહેલી રમત-ગમતની ભાવનાને ખિલવવા અને તેને ઉત્તેજન આપવાના હેતુથી બાલ ભવન-દમણ ખાતે આયોજીત તૃતિય બ્લોક સ્તરીય રમત-ગમત સ્પર્ધામાં મોટી સંખ્યામાં યુવા ખેલાડીઓ, સ્વયંસેવકો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે રમત-ગમત સ્પર્ધામાં ટગ ઓફ વોર(દોરડાખેંચ), કરાટે અને યોગાસનની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં લગભગ ૧૫૦ જેટલા સ્પર્ધકોએ સક્રિયતાથી ભાગ લીધો હતો. ખેલાડીઓએ જોશ અને ઉત્સાહની સાથે પોતપોતાની રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

દરેક રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ મેળવનારા સ્પર્ધકોને મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહ દરમિયાન ખેલાડીઓની મહેનત અને રમત-ગમતની ભાવનાને સૌએ વધાવી હતી.

રમત-ગમત સ્પર્ધામાં નિર્ણાયક અને રેફરી તરીકે આકાશ ઉદેશી, રિચા વર્મા, અર્જુન ઉદેશી, પાર્થ પારડીકર, મેહુલ કેની, શૈલીન, પ્રિંસ, સુયોગ અને મીતે સેવા આપી હતી. આ તમામે નિષ્પક્ષતા અને સમર્પણની સાથે સમગ્ર સ્પર્ધાનું કુશળતાથી સંચાલન કર્યું હતું.

કાર્યક્રમની સફળતામાં નેશનલ યુથ વોલંટિયર્સ-નિકિતા ઉદેશી, સ્નેહા જરીવાલા અને અનિકેત હળપતિનું વિશેષ યોગદાન રહ્યું હતું, જેઓએ આયોજનની વ્યવસ્થાઓ, સ્પર્ધકોનું સમન્વય અને મેદાન વ્યવસ્થાપનમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી.

સમગ્ર સ્પર્ધાનું આયોજન, સંચાલન અને અવલોકન મેરા યુવા ભારત-દમણની જિલ્લા યુવા અધિકારી શ્રીમતી માનસાના કુશળ નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મેરા યુવા ભારત-દમણ તરફથી બાલ ભવન બોર્ડ અને રમત-ગમત વિભાગ, દમણ પ્રત્યે તેમનો સહયોગ અને સમર્થન માટે હાર્દિક આભાર માનવામાં આવ્યો હતો.

### દેશમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક બનાવવામાં આવી

# દિલ્હી-મુંબઈ નેશનલ હાઈવે પર સુરક્ષાનો અભેદ્ય કોટ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**સાબરકાંઠા,તા.૧૧**

દિલ્હીમાં થયેલા તાજેતરના બ્લાસ્ટની ઘટના બાદ સમગ્ર દેશમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક બનાવવામાં આવી છે. તેના ભાગરૂપે, ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં પણ તંત્ર હાઈ-એલર્ટ મોડ પર છે. દિલ્હી અને મુંબઈને જોડતા વ્યૂહાત્મક રીતે અગત્યના નેશનલ હાઈવે રોડ પર હાલમાં સઘન અને વ્યાપક ચેકિંગ ઝુંબેશ ચાલી રહી છે, જેના કારણે જિલ્લાની સુરક્ષામાં નોંધપાત્ર વધારો થયો છે.

સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતો આ મુખ્ય માર્ગ રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને દિલ્હી જેવા અનેક રાજ્યોના વાહનોની અવરજવરનું કેન્દ્ર છે. આ સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, જિલ્લા પોલીસ વડાના આદેશથી સુરક્ષા દળોએ કડક પગલાં લીધા છે. ચેકિંગ માત્ર નેશનલ હાઈવે પૂરતું સીમિત નથી, પરંતુ જિલ્લાના તમામ મુખ્ય પ્રવેશદ્વારો, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન અને અન્ય જાહેર સ્થળો પર પણ પોલીસ તૈનાત કરવામાં આવી છે.

દિલ્હી બ્લાસ્ટની ઘટના બાદ ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી કરતા વાહનો પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. શંકાસ્પદ વસ્તુઓ કે ગેરકાયદે પ્રવૃત્તિઓ પર રોક લગાવવા માટે પોલીસની ટુકડીઓ દિવસ-રાત કાર્યરત છે. જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ , સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ સહિતની અનેક ટીમોને ચેકિંગ પોઈન્ટ્સ પર ખડકવામાં આવી છે. આ ટીમો ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ દરેક વાહનના દસ્તાવેજો, સામાન અને તેમાં સવાર વ્યક્તિઓની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

સાબરકાંઠા પોલીસ દ્વારા ગુજરાત-રાજસ્થાન સરહદ પર વિશેષ સતર્કતા વધારવામાં આવી છે. સરહદી વિસ્તારોમાં ચેકપોસ્ટ્સ પર વાહન વ્યવહારનું સઘન નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, જેથી રાજ્યમાં કોઈ અનિચ્છનીય તત્વો પ્રવેશ ન કરી શકે. પોલીસ કર્મીઓ અને ઉચ્ચ અધિકારીઓ પોતે મેદાનમાં ઉતરીને વાહન ચેકિંગની પ્રક્રિયાનું નિરીક્ષણ કરી રહ્યા છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર સુરક્ષા જાળવવાનો નહીં, પણ અસામાજિક તત્વોને આ જિલ્લામાંથી પસાર થતા અટકાવવાનો છે. સુરક્ષાની આ કવાયત સાબરકાંઠાને એક અભેદ્ય ગઢ જેવો અનુભવ આપી રહી છે, જે સામાન્ય નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત કરે છે અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવે છે. જિલ્લા પોલીસની આ સક્રિયતા રાજ્યની આંતરિક સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

# દિલ્હી બ્લાસ્ટના પડઘા: રાજ્યભરમાં ઠેર-ઠેર નાકાબંધી અને સઘન ચેકિંગ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૧૧**

દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે સોમવારે સાંજે એક કારમાં થયેલા બ્લાસ્ટની ઘટનાને પગલે સમગ્ર ગુજરાત રાજ્યમાં હાઇ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના પોલીસ વડા (DGP) વિકાસ સહાયે તાત્કાલિક અસરથી રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત કરવા અને તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવા માટે આદેશો જારી કર્યા છે.આ એલર્ટના પગલે રાજ્યના તમામ શહેરો અને જિલ્લાઓમાં ભીડભાડવાળા વિસ્તારો જેવા કે રેલવે સ્ટેશન, એસ.ટી. બસ સ્ટેશન, મોલ, એરપોર્ટ અને અન્ય જાહેર સ્થળોએ પોલીસ દ્વારા ખાસ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. રાજ્યભરમાં ધાર્મિક સ્થળો, ખાસ કરીને મોટા મંદિરો પર સુરક્ષા બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે.

**દિલ્હી બ્લાસ્ટની ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા, સુપ્રસિદ્ધ દ્વારકા જગત મંદિરમાં પણ સુરક્ષા વ્યવસ્થા અત્યંત ચુસ્ત કરી દેવામાં આવી છે**

દિલ્હી બ્લાસ્ટની ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા, સુપ્રસિદ્ધ દ્વારકા જગત મંદિરમાં પણ સુરક્ષા વ્યવસ્થા અત્યંત ચુસ્ત કરી દેવામાં આવી છે. ભગવાન દ્વારકાધીશના દર્શનાર્થે આવતા તમામ ભક્તોને સઘન ચેકિંગ પ્રક્રિયામાંથી પસાર થયા બાદ જ મંદિર પરિસરમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.રાજ્ય પોલીસ વડાએ તમામ જિલ્લા પોલીસ વડા, કમિશનર અને રેન્જ આઈજીને પોતપોતાના વિસ્તારોમાં સક્રિય રહેવા અને હોટલો, ગેસ્ટ હાઉસ તથા શંકાસ્પદ વાહનોની ઝીણવટભરી તપાસ કરવા માટે તાકીદ કરી છે. ગુજરાતમાં પ્રવેશવાના અને બહાર જવાના મુખ્ય માર્ગો પર પોલીસે નાકાબંધી કરી છે.જિલ્લા પોલીસની LCB, SOG, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વૉડ અને સ્નિફર ડૉગ સ્ક્વૉડ સહિતની વિશેષ ટીમો વિવિધ મહત્ત્વપૂર્ણ સ્થળો પર સઘન ચેકિંગ સાથે સતત પેટ્રોલિંગ કરી રહી છે. પોલીસને એરપોર્ટ અને રેલવે સ્ટેશનો પર પણ વિશેષ નજર રાખવા અને કામગીરીનો રિપોર્ટ આપવા સૂચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ ગુજરાત ATS દ્વારા ત્રણ આતંકીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા, જેમણે પૂછપરછ દરમિયાન દિલ્હીમાં પણ રેકી કરી હોવાની કબૂલાત કરી હતી. આ પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને, ATS ના અધિકારીઓએ દિલ્હી કાર બ્લાસ્ટના મોડ્યુલ અંગે પણ માહિતી એકત્ર કરવાનું શરૂ કરી દીધું છે, જેથી આ ઘટનાના તાર ગુજરાત સાથે જોડાયેલા છે કે કેમ તે દિશામાં તપાસ આગળ વધારી શકાય.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM MANOJ JADHAVJI RATHOD TO **MANOJ JADAVJI RATHOD** AS PER DOCUMEN

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM PRATIKSHA CHAUHAN TO **PRATIKSHA PRATAPRAO CHAUHAN** AS PER DOCUMENT

### રાજ્યમાં બે દિવસ બેવડી ઋતુનો અનુભવ

# ઉત્તર પૂર્વના પવનો ફૂંકાતા તાપમાનમાં વધઘટ રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૧૧**

ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાની સીધી અસર હવે ગુજરાતના વાતાવરણ પર દેખાઈ રહી છે. રાજ્યભરમાં ઠંડીના ચમકારાની સત્તાવાર શરૂઆત થઈ ગઈ છે. ઉત્તર તરફથી ફૂંકાઈ રહેલા સૂકા અને ઠંડા પવનોના કારણે લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. હવામાન વિભાગે ઠંડીને લઈને આગાહી કરી છે. બે દિવસ રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થશે. ત્યાર બાદ ઠંડીનો ચમકારો વધશે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે આગામી બે દિવસ બેવડી ઋતુનો અનુભવ થશે. ત્યાર બાદ ધીમે ધીમે ઠંડીનો ચમકારો વધશે. ઉત્તર પૂર્વના પવનો ફૂંકાતા તાપમાનમાં વધઘટ જોવા મળશે. લઘુતમ તાપમાન ૧૫થી ૧૬ અને મહત્તમ તાપમાન ૩૦થી ૩૨ ડિગ્રી સુધી રહેશે. હાલમાં રાજ્યમાં વહેલી સવારે અને રાત્રે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. બપોરે ગરમી પડતાં બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે.

હવામાન વિભાગના આંકડા અનુસાર, રાજ્યના લગભગ ૨૦ જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનનો પારો ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયો છે, જે શિયાળાની ઋતુનું આગમન સૂચવે છે. હવામાન નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં આ ઉત્તરીય પવનોની ગતિ જળવાઈ રહેવાની શક્યતા છે, જેના કારણે લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે અને રાજ્યભરમાં ઠંડીનું પ્રમાણ વધશે. લોકોએ સ્વાસ્થ્ય જાળવવા માટે સાવચેતી રાખવી જરૂરી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**ભગવાન બિરસા મુંડાની...**

કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે આજે દાદરા નગર હવેલીના સેલવાસમાં પ્રદેશ ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, ‘અટલ ભવન’ ખાતે, પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાની અધ્યક્ષતામાં પ્રદેશ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. ભારતીબેન પવાર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. ભારતીબેન પવારે જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિની દરેકને ખબર છે. પરંતુ ૧૦૦મી જન્મ જયંતિ ક્યારે ઉજવાઈ તેની કોઈને જાણકારી નથી. કારણ કે, ૭૦ વર્ષ સુધી રાજ કરનારી સરકારે આદિવાસી જનનાયકોની વીરતાનો પરિચય જ આપ્યો નહીં હતો. તેમણે જણાવ્યું હતું કે, સ્વતંત્રતા સંગ્રામની ક્રાંતિ તરીકે ઈતિહાસમાં ૧૮૫૭નો ઉલ્લેખ કરવામાં આવેલો છે. પરંતુ જનજાતિના નાયકોએ ૧૮૫૫માં જ સ્વતંત્રતા આંદોલનની શરૂઆત કરી હતી.

પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. ભારતીબેન પવારે જણાવ્યું હતું કે, મોદી સરકારના આગમન બાદ પહેલી વખત કેન્દ્ર સરકારમાં ૮ મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, એટલું જ નહીં પરંતુ જનજાતિની દિકરી દ્રૌપદી મુર્મુને રાષ્ટ્રપતિ પણ મોદી સરકાર દ્વારા જ બનાવાયા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશમાં સારા વિચારોને પ્રેરિત કરવાવાળી લીડરશીપ જોઈએ જે આપણાં યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પાસે છે. તેમણે આજની સભામાં એકત્રિત થયેલ કાર્યકરોની સંખ્યા જોઈ ખુબ જ પ્રસન્ન થયા હતા.

પ્રારંભમાં પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ દરેક કાર્યકર્તાઓને ૧૫મી નવેમ્બરના રોજ ખાનવેલ ખાતે યોજાનાર ‘જનજાતિ ગૌરવ દિવસ’ના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ ફક્ત જન જાતિ કે અનુસૂચિત જાતિ મોરચાનો નથી, પરંતુ આપણાં દરેકનો છે. તેથી આ કાર્યક્રમમાં ખુબ મોટી સંખ્યામાં કાર્યકરોને હાજર રહેવા હાકલ કરી હતી. તેમણે પ્રદેશના તમામ મંડળમાં ૧૫મી નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાની જયંતિના કાર્યક્રમનું આનંદ-ઉત્સાહ સાથે આયોજન કરવા પણ નિર્દેશ આપ્યો હતો.

આ પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ અને કાર્યક્રમના સંયોજક શ્રી જીતુભાઈ માઢા, પ્રદેશ ભાજપ અનુસૂચિત જનજાતિ મોરચાના પ્રમુખ શ્રી રમેશ કડુ, પ્રદેશ ભાજપ અને જિલ્લા ભાજપ સહિત વિવિધ મોરચાના પદાધિકારીઓ, ભાજપના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, કાર્યકરો અને આદિવાસી સમુદાયના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી દિપકભાઈ પ્રધાને કર્યું હતું.

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૪૭/૨૦૨૫

**અરજદાર:** **વરદારામ માયારામ સાવલી,**
રહે.૧૨/૮, ઈડબલ્યુએચ, આવાસ ડાયમંડ,
ઈન્ડુસુટીજનની સામે, વેસુ, સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળા:** **ચીફ ઓફિસરશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી**
વાપી મહાનગરપાલિકા,તા.વાપી, જી. વલસાડ

**જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે, અરજદારશ્રી **વરદારામ માયારામ સાવલી,** રહે. ૧૨/૮, ઈડબલ્યુએચ, આવાસ ડાયમંડ, ઈન્ડુસુટીજનની સામે, વેસુ સુરતનાઓએ તેમના **પુત્ર સ્વ. દિનેશ વરદારામ સાલવીનું મરણ તા.૨૭/૦૨/૨૦૨૩** ના રોજ મોજે-વાપી રેલવે સ્ટેશન વાપી, તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલદાર, વાપી (શહેર), તા.વાપીની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહીં આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૧/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં. એમએજી/જન્મ-મરણ/રજી.૪૭/વશી ૮૮૫/૨૦૨૫**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી(શ)ની કચેરી**
**તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલીઠા,**
**તા. વાપી, જી. વલસાડ**

કોર્ટનો સિક્કો

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વાપી (શહેર)**

**ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ**
**અન્સારી નગર, નવી દિલ્હી - ૧૧૦૦૨૯**
**પરિક્ષા વિભાગ**

**પ્રવેશ સૂચના નં. ૩૨૯/૨૦૨૫**

F.No./AIIMS/E.S./34-95/25/DHR-BRET 2025) 30.10.2025

**DHR-બાયોમેડિકલ રિસર્ચ પાત્રતા કસોટી (DHR-BRET-2025)**

DHR બાયોમેડિકલ રિસર્ચ પાત્રતા કસોટી ( DHR-BRET-2025 ) પરીક્ષા વિભાગ, એઈમ્સ નવી દિલ્હી દ્વારા લેવામાં આવશે. DHR-BRET-2025 માટે ઓનલાઈન અરજી ૦૧ નવેમ્બર ૨૦૨૫ થી ૨૧ નવેમ્બર ૨૦૨૫ ( સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી ) શરૂ થશે. વિગતવાર સમયપત્રક નીચે મુજબ છે.

| અરજી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન | શરૂ તારીખ | અંતિમ તારીખ |
|---|---|---|
| અરજી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન | ૦૧.૧૧.૨૦૨૫ | ૨૧.૧૧.૨૦૨૫ (સાંજે ૫.૦૦ વાગ્યા સુધી) |
| નોંધણીની સ્થિતિ અને નકારવામાં આવેલ છબીઓ/ ખોટી નોંધણી વિગતો સુધારવા માટેની છેલ્લી તારીખ | ૨૪.૧૧.૨૦૨૫ | ૨૬.૧૧.૨૦૨૫ (સાંજે ૫.૦૦ વાગ્યા સુધી) |
| એઈમ્સ વેબસાઇટ પર પ્રવેશ કાર્ડ અપલોડ કરવું | ૦૧લી ડિસેમ્બર, ૨૦૨૫ (સોમવાર) | |
| પરીક્ષાની તારીખ | ૦૭મી ડિસેમ્બર, ૨૦૨૫ (રવિવાર) | |

તમામ નવીનતમ અપડેટ્સ અને વિગતવાર માહિતી માટે કૃપા કરીને નિયમિતપણે વેબસાઇટ www.aiimsexams.ac.in ની મુલાકાત લો.

CBC 17112/12/0049/2526 આસિસ્ટન્ટ કંટ્રોલર (પરીક્ષા)

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# દિલ્હીમાં બોંબ બ્લાસ્ટ બાદ વલસાડ પોલીસ હાઈએલર્ટ પર: હાઈવે, રેલવે સહિત જાહેર સ્થળોએ સઘન ચેકીંગ




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

દેશની રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન વિસ્તારમાં સોમવારે સાંજે ૭:૦૦ વાગ્યાના સુમારે ભયંકર બ્લાસ્ટ થયાની ઘટના ઘટી હતી. બ્લાસ્ટ ઘટનામાં ૧૦ જેટલા લોકોના મોત થયા છે. જ્યારે ૨૪ ઉપરાંત લોકો ઘાયલ થયા હતા. બ્લાસ્ટની તિવ્રતા એટલી હતી કે અનેક કારો અને વાહનો બળીને ખાખ થઈ ગયા હતા. દિલ્હીની બ્લાસ્ટ ઘટના બાદ ગુજરાત રાજ્યમાં હાઈએલર્ટનો આદેશો અપાયા હતા તે મુજબ વલસાડ પોલીસ હાઈએલર્ટ સાથે એક્શનમાં આવી ગઈ હતી.

વલસાડ જિલ્લાના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓના નેતૃત્વમાં જિલ્લાભરમાં સઘન ચેકીંગ અભિયાન હાથ ધરાયું હતું. શહેરોમાં, એસ.ટી. તથા રેલવે સ્ટેશનો સહિત હાઈવે ઉપર પોલીસ દ્વારા રાતભર ચેકીંગ કામગીરી હાથ ધરાઈ હતી. આવતા-જતા તમામ વાહનો ઉપર ઉપર ચઢીને તપાસતી હતી. શંકાસ્પદ ગતિવિધી જેવું કંઈક દેખાય તો તો ક્રોસ ઈન્કવાયરી પોલીસ કરતી હતી. અલબત્ તેવી ચોંકાવનારી કોઈ વિગતો પોલીસને મળી નથી. પરંતુ ચેકીંગ કામગીરીમાં પોલીસે કોઈ બાંધછોડ રાખી નહોતી. જિલ્લાભરની પોલીસની રજા કેન્સલ કરાઈ હતી. તમામ પોલીસ ચેકીંગ કાર્યવાહીમાં જોડાઈ હતી. આ અભિયાન વલસાડ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક ચાલુ રહ્યું હતું. આજે મંગળવારે પણ કામગીરી ચાલુ રખાઈ હતી. સાથે સાથે જિલ્લાના ૭૦ કિ.મી. લાબા દરિયાકિનારા ઉપર કોસ્ટગાર્ડ પોલીસ પણ એલર્ટ બની હતી.

# વાપીમાં ગેરકાયદે વસવાટ કરતો બાંગ્લાદેશી ઈસમ એસ.ઓ.જી.ના હાથે ઝડપાયો

**પોલીસને ઉડાઉ જવાબ આપતા શંકા પડી હતી, પૂછપરછમાં મહંમદ ફારૂક હૂસેન મીયાએ પૂછપરછમાં બાંગ્લાદેશી હોવાનું કબૂલાત કરી**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

દેશભરમાં બાંગ્લાદેશી ઘૂસપેઠીયાઓને ઝડપવાનું અભિયાન ચાલી રહ્યું છે. તે મુજબ ગુજરાત વલસાડ જિલ્લા પોલીસ સતર્કતાથી આ અભિયાન ચલાવી રહી છે તેમાં સફળતા મળી છે.

વાપી વિસ્તારમાં એસ.ઓ.જી.પેટ્રોલીંગ કરી રહી હતી, તે દરમિયાન એક શંકાસ્પદ જણાતા ૪૦ વર્ષિય યુવાનની પોલીસે પૂછપરછ કરી ત્યારે યુવાને ઉડાઉ જવાબ આપતો હતો. તેથી પોલીસને શંકા પડી હતી. અટક કરી પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. જ્યાં ક્રોસ પૂછપરછમાં અંતે યુવાને કબૂલાત કરી હતી કે પોતે બાંગ્લાદેશી છે. વધુ કડક તપાસમાં આરોપી પડી ભાંગ્યો હતો તેણે તેનું નામ મહંમદ ફારૂક હુસૈન મીયા મૂળ રહેવાસી બ્રાહ્મનબારીયા બાંગ્લાદેશ જેવી વિગતો પોપટની જેમ કબૂલી હતી.

પોલીસને પકડાયેલા બાંગ્લાદેશી પાસેથી મળેલ બાંગ્લાદેશ સરકારના નેશનલ આઈડીથી તેની ઓળખની પૃષ્ટી થઈ હતી. પાસપોર્ટ અને વિઝા વગર ગેરકાયદેસર ભારતમાં પ્રવેશી વસવાટ કરી રહ્યો હતો. પોલીસે તેને ડીપોર્ટ કરવાની કામગીરી હાથ ધરી છે.

# વલસાડની અતુલ ગ્રામ પંચાયતના સરપંચ વિક્રમ નાયકાને ગેરવહીવટ બદલ સસ્પેન્ડ કરાયા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

વલસાડ તાલુકાની અતુલ ગ્રામપંચાયતના સરપંચે પોતાનો હોદ્દાનો દૂરપયોગ કરવા અંગે આજે તેમને સસ્પેન્ડ કરવામાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. અને સંધિતોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

છેલ્લા ઘણા સમયથી આ પ્રકરણમાં તપાસ બાદ ફલીત થયું હતું કે, અતુલ ગ્રામપંચાયતમાં સરપંચ વિક્રમ નાયકા અતુલ ગ્રામપંચાયતમાં ગેરરીતિ કરી છે.



જેમાં અતુલ ગ્રામપંચાયતના ડેપ્યુટી સરપંચ દર્શલ દેસાઈએ આ અંગે જેતે સમયે જિલ્લા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતુ કે, અતુલ ગ્રામ પંચાયતના સરપંચ વિક્રમભાઈ નાયકાએ અતુલ ગ્રામપંચાયત દ્વારા અતુલ ગામના કેટલીક જગ્યાઓ પર કામો કર્યા વગર બીલ મંજૂર કરી દેવામાં આવ્યા છે. જેમાં અતુલ ગ્રામપંચાયતના કેટલાક સભ્યોની પણ મિલીભગત હોવાનું દર્શાવ્યું હતું.

આ ફરિયાદ બાદ સંબંધિતોમાં ભારે ભાગદોડ મચી છે અને પોતાનો હોદ્દો સાચવવા માટે આગામી દિવસોમાં ગાંધીનગર દોડ લગાવવાની ચર્ચા ચાલી રહી છે.

# બીલીમોરામાં હથિયાર વેચવા આવેલા બિશ્નોઈ ગેંગ અને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ વચ્ચે ફાયરિંગ: ૪ આરોપીઓ ઝડપાયા

**સોમનાથ મંદિર પાસે આરોપીઓએ ગોળીબાર કર્યો: પોલીસે સ્વબચાવમાં એકને પગમાં ગોળી ધરબી**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

નવસારીના બીલીમોરામાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ અને બિશ્નોઈ ગેંગ વચ્ચે ફાયરિંગ થયાની ઘટના સામે આવી છે. હથિયારની આપ-લે કરવા માટે આરોપીઓ હોટલમાં રોકાયા હોવાની માહિતી મળતાં એસએમસી પહોંચી હતી. જ્યાં હાજર બે આરોપીને ઝડપીને પૂછપરછ કરતાં અન્ય બે આરોપીએ મિની સોમનાથ મંદિરે હોવાનું જાણવા મળતાં એમએમસીની ટીમ મંદિરે પહોંચી હતી, જ્યાં હાજર આરોપીઓએ ગોળીબાર કરતાં પોલીસે પણ સ્વબચાવમાં ફાયરિંગ કર્યું હતું, જેમાં એક આરોપીને પગમાં ગોળી વાગતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ એમએમસીને બાતમી મળી હતી કે મૂળ રાજસ્થાનના અને હાલ નવસારીના બીલીમોરામાં રહેતા બિશ્નોઈ ગેંગના મનીષ કાલુરામ કુમાવત અને મદન ગોપીરામ કુમાવત નામના બે શખસને હરિયાણાનો યશ સિંગ અને મધ્યપ્રદેશનો રિષભ અશોક શર્મા હથિયાર આપવા આવ્યા છે અને એ ગણદેવી મહાદેવ મંદિરના પાર્કિંગમાં છે, જેથી બાતમીના આધારે એમએમસીની ટીમે દરોડો પાડ્યો હતો, જોકે ત્યાં રાજસ્થાનના બે આરોપી જ મળ્યા હતા, જેમને ઝડપીને પોલીસે પૂછપરછ કરતાં અન્ય બે આરોપી નજીકમાં આવેલા મિની સોમનાથ મંદિરે દર્શન કરવા ગયા હોવાનું જણાવ્યું હતું.

હરિયાણા અને મધ્યપ્રદેશથી આવેલા બે આરોપી મંદિરે હોવાથી એમએમસી ટીમ મંદિરે પહોંચી હતી, જ્યાં પોલીસને જોઈને આરોપીઓએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને સાથે આરોપી શાર્પશૂટર યશ સિંગે પોલીસ ઉપર ગોળીબાર કર્યો હતો, જેથી સ્વ બચાવમાં એમએમસીના પોલીસ ઈન્સ્પેક્ટર ચંદ્રશેખર પનારાએ પણ સામે ફાયરિંગ કર્યું હતું.

પોલીસ અને ગેંગ વચ્ચે બે રાઉન્ડ ફાયરિંગ થતાં આરોપી યશના પગમાં ગોળી વાગતા તે ઈજાગ્રસ્ત થયો છે. જેથી પોલીસે ઈજાગ્રસ્ત આરોપીને સારવાર અર્થે સરકારી મેંગોશી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. બાકીના ત્રણ આરોપીઓની ધરપકડ કરીને તેમના કબજામાંથી ત્રણ દેશી બનાવટની પિસ્તોલ અને ૨૭ જીવતી કારતૂસ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે. બીજી તરફ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયેલા આરોપીની સ્થિતિ સ્થિર થતા પોલીસે તેની પણ ધરપકડ કરી લીધી છે. હાલ એસએમસી પોલીસની ટીમ હથિયારધારી પોલીસ જવાનોના બંદોબસ્ત સાથે આરોપીઓને લઈ ગાંધીનગર રવાના થઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

# દાનહ અને દમણ-દીવ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય ફાઈલેરિયા દિવસ મનાવાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૧**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય ફાઈલેરિયા દિવસના અવસરે હાથીપગા રોગના નાબૂદી માટે જાગૃક્તા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ફાઈલેરિયા એક ગંભીર બીમારી છે. જે સંક્રમિત ક્યુલેક્સ મચ્છરના કરડવાથી ફેલાય છે. આ લસિકા પ્રણાલીને નુકસાન પહોંચાડે છે. જેના લક્ષણ વર્ષો બાદ સામે આવે છે અને આ હાથીપગા અને હાઈડ્રોસીન જેવી આજીવન વિકલાંગતાનું કારણ બની શકે છે. નાઈટ બ્લડ સર્વેના માધ્યમથી પણ ફાઈલેરિયાના પરજીવીની ઉપસ્થિતિ જાણી શકાય છે. કારણકે પરજીવી રાતના સમયે પેરીફેરન બ્લડમાં સક્રિય રૂપે સંચરણ કરવા લાગે છે.

ફાઈલેરિયા રોગના નાબૂદી હેતુ રાષ્ટ્રીય ફાઈલેરિયા દિવસના ઉપલક્ષમાં ફાઈલેરિયા રોગીઓને રૂગણતા પ્રબંધન અને દિવ્યાંગતા રોકથામ કીટનું વિતરણ અને હોસ્પિટલમાં જાગૃક્તા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રવાસી શ્રમિકો અને અન્ય ઉચ્ચ જોખમવાળી વસ્તીને ડાયથાઈલરબામાજીન સાઈટ્રેટ અને એલ્બેડાજોલની એક પર્યવેક્ષિત ખોરાક ખવડાવવામાં આવ્યો. નાગરિકોને મચ્છરના પ્રજનનને રોકવા માટે પોતાના ઘરની આજુબાજુ સ્વચ્છતા બનાવી રાખવા જળજમાવથી બચવા અને રાત્રે મચ્છરદાનીનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

# દિલ્હી બોમ્બ દુર્ઘટના સમયે વલસાડ સાંસદ દિલ્હીમાં હતા, તેમણે જાહેર સંદેશ પાઠવ્યો કે તેઓ સલામત છે

**સાંસદ જળ સંશાધન સમિતિમાં હાજરી આપવા માટે દિલ્હીમાં હતા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

સોમવારે સાંજે ૭ વાગ્યાના સુમારે દેશની રાજધાનીમાં દિલ્હીમાં લાલ કિલ્લા નજીક જબરજસ્થ વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં સમગ્ર દિલ્હી સહિત દેશભરમાં હડકંપ મચી જવા પામ્યો હતો. દેશભરમાં મોટાભાગના નેતાઓ દિલ્હીમાં વધારે સમય હોય છે તે અનુસંધાનમાં વલસાડ જિલ્લાના સાંસદ પણ બોમ્બ ધડાકા સમયે દિલ્હીમાં હતા. તેથી તેમના શુભ ચિંતકો દ્વારા ચિંતાનું મોજુ વધુ ફેલાય તે પહેલા સાંસદે જાહેર સંદેશ આપી દિધો હતો કે તેવો



સ્વસ્થ છે, સલામત છે.

કેન્દ્ર સરકારની અનેક સમિતિઓ કાર્યરત રહે છે. તે પૈકી જલ સંશોધન સમિતિની પણ બેઠક હતી. તેથી સાંસદ શ્રી ધવલભાઈ પટેલ આ બેઠક મીટિંગમાં હાજરી આપવા માટે દિલ્હીમાં હતા અને એજ સમયે દિલ્હીમાં બ્લાસ્ટની દુર્ઘટના સર્જાઈ હતી. તેથી વલસાડ જિલ્લામાં તેમના શુભેચ્છકો ચિંતીત બન્યા હતા. પરંતુ તે પૂર્વ સાંસદે જાહેર સંદેશ પાઠવી દિધો હતો કે તેઓ સ્વસ્થ છે, સલામત છે.

# વલસાડ જિલ્લામાં ચોમાસુ વિદાય થતા આરએન્ડબી (પંચાયત) દ્વારા નવા માર્ગ, પુલ અને ઈમારતના કામોનો પ્રારંભ



**આ તમામ કાર્યોથી પરિવહન સુવિધા સુધરશે, વાહન વ્યવહાર સરળ બનશે અને જનતા માટે વધુ સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ થશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

ચોમાસુ વિદાય થયા બાદ જાહેર સુવિધા અને વિકાસને વેગ આપવા માટે વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવા કાર્યોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વરસાદી મોસમ દરમિયાન આયોજન કરાયેલા અનેક કામો હવે અનુકૂળ હવામાનને ધ્યાનમાં રાખીને અમલીકરણના તબક્કામાં પ્રવેશ્યા છે.



જિલ્લાના પારડી, વલસાડ, ધરમપુર અને ઉમરગામ પેટા વિભાગોમાં કુલ ૩૬ માર્ગોના નવા કાર્યો, ૨૫ ઈમારતોના નિર્માણ કાર્યો તેમજ ૪ નવા પુલોના બાંધકામ તેમજ માર્ગોના સુધારા અને મજબૂતીકરણના કાર્યો શરૂ કરવામાં આવ્યા છે. દરેક કાર્ય માટે તકનીકી મંજૂરી અને જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી વિકાસ કાર્યો સ્થળ પર આરંભ કરવામાં આવ્યા છે.

નવા કાર્યો અંતર્ગત ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં માર્ગોનું સુધારણા, જેમ કે રીસરફેસિંગ અને વાઈડનીંગ વર્ક, સાઈડ ડ્રેસિંગ, બ્રિજ સ્ટ્રક્ચરનું બાંધકામ તેમજ વિવિધ યોજના હેઠળ ઓરડા, આંગણવાડીના કામો શરૂ કરવામાં આવ્યા છે. આ તમામ કાર્યોથી પરિવહન સુવિધા સુધરશે, વાહન વ્યવહાર સરળ બનશે અને જનતા માટે વધુ સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ થશે. વિભાગના અધિકારીઓ દ્વારા દરેક કાર્યની ગુણવત્તા અને પ્રગતિની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે જેથી સમયસર અને ગુણવત્તાસભર નિર્માણ કાર્ય પૂર્ણ થાય.

# દાનહ આદિવાસી સમાજ દ્વારા આપટી ગામે રીત રિવાજથી દિવાળીનું આહ્વાન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૧**

દાદરા નગર હવેલી આદિવાસી સમાજ દ્વારા આપટી ગામે વર્ષોથી ચાલી આવેલ દિવાળીનું આહવાન રીત રિવાજથી કરવામાં આવ્યું. જે આદિવાસી સમુદાયની પ્રકૃતિ પૂજક પરંપરાઓનું જીવંત ચિત્રણ છે.

લાકડાના ખંભા પર દોરવામાં આવેલ આકૃતિઓ અને ભૂમી પર ચોખા, ફૂલો, દિવા અને બીજી સામગ્રીથી સજ્જ પૂજા સ્થળ આ પરંપરાનું હૃદય છે. આ રીતરિવાજમાં ફસલની લણી વરસાદ અને જમીનનો આભાર માનવો તેમજ ગામનું શુદ્ધિકરણ કરવામાં આવે છે. આદિવાસી વિસ્તારોમાં દેવદિવાળીથી શરૂ થઈને હોળી સુધી પ્રકૃતિ સાથનું સંતુલન જળવાઈ રહે તે માટે ખાસ પરંપરા જળવાઈ રહેલ છે.

આપટી ગામે આદિવાસી સમુદાય ભેગો થઈને દિવાળી આહવાન પૂજા કરી ઉજવણી કરી હતી. આ પરંપરા આદિવાસીઓની પર્યાવરણ પ્રત્યેની સંવેદનશીલતા અને સાંસ્કૃતિક ગૌરવનું પ્રતિક છે.

# વલસાડ આરટીઓના ટ્રેકનું રિપેરીંગ કામ થનાર હોવાથી તા.૧૪ અને ૧૫ નવે.ના રોજ ટ્રેક બંધ રહેશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૧**

વલસાડ જિલ્લા પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી દ્વારા તમામ મોટરીંગ પબ્લિકને જાણ કરવામાં આવે છે કે, કચેરીના ટુ વ્હીલર અને ફોર વ્હીલર ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેકનું આર એન્ડ બી વિભાગ દ્વારા સમારકામ કરવાનું હોવાથી તા.૧૪/૧૧/૨૦૨૫ અને તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ ટેસ્ટ ટ્રેક બંધ રાખવામાં આવ્યા છે. તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજથી ટુ વ્હીલર અને ફોર વ્હીલર ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક રાબેતા મુજબ ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન એપોઈમેન્ટ ધરાવતા અરજદારોની એપોઈમેન્ટ વલસાડ આરટીઓ કચેરી દ્વારા રીશીડ્યુલ કરી આપવામાં આવશે જેની તમામ મોટરીંગ પબ્લિકને નોંધ લેવા અખબારી યાદીમાં જણાવાયુ છે.